સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



જંસેયં તં સમાયરે

સંપાદક સોમચંદ ડી. શાહ

વર્ષ ૧ લું : અંક ૪ થો ]

[ જ્યેષ્ઠ સં. ૨૦૦૨

વીર સં. ૨૪૭૨; અંક : ૪ થો જુનું વર્ષ ૩ જું;
વી. સં. ૨૦૦૨; જ્યેષ્ઠ નવું વર્ષ ૧ લું;

# વિષય દર્શન


| | | | |
|---|---|---|---|
| ક્ષયના જંતુઓ | ... | **સૌમ્ય** | ૮૩ |
| મહાસાગરનાં મોતી | ... | પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ. | ૮૪ |
| જીરાવલા પાર્શ્વનાથ | ... | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૮૬ |
| જ્ઞાનિની દૃષ્ટિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ | ... | પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ. | ૮૮ |
| રજકણ | ... | શ્રી ધુમકેતુ | ૮૯ |
| સંસ્થાના સુકાનીઓ | ... | શ્રી સોમચંદ શાહ | ૯૦ |
| લોક કહેવતો | ... | પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મ. | ૯૨ |
| કડવો ઘૂંટડો | ... | **ક૦** | ૯૪ |
| ક્યાં છે આજે ? | ... | શ્રી પ્રકર્ષ | ૯૫ |
| વિજ્ઞાનવાદનું કારમું કલંક | ... | સં. અનામી | ૯૭ |
| જૈનધર્મ | ... | પૂ. આ. વિજયભુવનતિલકસૂરિજી મ. | ૯૯ |
| અવનવું | ... | શ્રીચંદ્ર | ૧૦૨ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ | ... | પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. | ૧૦૩ |
| મૃત્યુની મૂંઝવણ | ... | પૂ. આ. વિજયરામચંદ્રસૂરિજી મ. | ૧૦૬ |
| જ્ઞાન ગોચરી | ... | સંપાદક | ૧૦૮ |
| એક મુનિપુંગવની આત્મકથા | ... | પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી | ૧૧૨ |


## જ્યેષ્ઠમાં થયેલા નવા સભ્યો

| | | | |
|---|---|---|---|
| ૧૦૧) શેઠ ત્ર્યમ્બકલાલ છગનલાલ | વઢવાણકેમ્પ | ૨૧) શેઠ માનસંગ મંગળજી | જામનગર |
| ૨૧) શ્રી મોતીચંદ ગીરધરલાલ | મુંબઇ | ૨૧) શ્રી ટી. વી. શેઠ | આફ્રીકા |
| ૨૧) ડૉ. લલ્લુભાઇ છગનલાલ | રાજકોટ | ૨૧) શેઠ કપુરચંદ હિંમતલાલ | અમદાવાદ |
| ૨૧) શેઠ છોટલાલ માણેકચંદ | મોરબી | ૨૧) શ્રી મનુભાઈ રવચંદ ભાઉ | અમદાવાદ |
| ૨૧) શા હીરાચંદ પરસોતમદાસ | રાજકોટ | ૧૧) શ્રી ચંદુલાલ કાળીદાસ | ધીણોજ |
| ૨૧) શ્રી સેવાસમાજ વાચનાલય | ટંકારા | | |

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः

સંસ્કારવાંચ્છુ જૈનસમાજનું

નૂતન માસિક

જેઠ : ૨૦૦૨

## क्षयनाजन्तुओ

જેમ ક્ષયના જન્તુઓથી શરીર ગળતું જાય છે તેમ વર્તમાનના નકલી સુધારાઓથી સમાજ સ્વાસ્થ્ય લથડતું જાય છે. સુધારાના નામે આજસુધીમાં ઘણું ઘણું અજુગતું મિશ્રણ થયું છે. મૌલિક સિદ્ધાંતો અને મહાપુરુષોએ દર્શિત કરેલી મર્યાદાઓનું નિદિધ્યાસન કે પરિશીલન કર્યા વિના માનવી કેવળ પોતાના જ સ્વતંત્ર વિચારોની મારફત જે તે બાબતોમાં સુધારાઓ ઘડી નાંખે અને સમાજને તે પ્રતિ આકર્ષવા નજીવા લાભની લાલચ બતાવાય ત્યારે સમાજની ઉત્ક્રાંતિનો સમય અસ્તાચલ પ્રતિ પ્રયાણ કરતો હોય છે.

આજ સુધીનો આપણો ઇતિહાસ આપણને કહી જાય છે કે, 'માત્ર પત્યક્ષ પરિણામને નજર સામે ટેકવી, ઉપલકીયા અને ઉછીના વિચારોથી જે જે સુધારાઓ સમાજમાં, સંસારમાં, સાહિત્યમાં, શિક્ષણમાં આહાર–વિહારમાં, રીત-રિવાજોમાં અને ધર્મ અને કળામાં સ્થગીત કરવામાં આવ્યા છે એનાથી વિકાસ વધ્યો નથી, પણ વિકાર વધ્યો છે.

પરદેશીય અસર તળેના સુધારાઓથી આર્ય ભાવનામાં સડો પેદા થશે, છિન્ન-ભિન્નતા વધશે. મૌલિકતાનો હ્રાસ થશે, સાદાઈ ઘટશે અને આડંબર વધશે, જીવંત સમાજ સત્ત્વ વિનાનો બની જશે, પાશ્ચિમાત્ય રંગઢંગ વધી પડશે અને જીવનનાં સાચાં મૂલ્યો ભૂલાશે.

આર્ય મહાપુરુષોના પગલે ચાલી, પ્રવેશેલી બદીઓને દુર કરવા કાજે જો સાવચેતી અને વિચારપૂર્વકના સુધારાઓ થશે તો સૌ કોઈ તેને સન્માનશે અને આવકારને પાત્ર લેખાશે; બાકીતો સડેલાં ભેજાઓમાંથી ઉપજાવી કાઢેલા સુધારાઓ તો ક્ષયના જંતુઓ છે.

सौम्य

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

સંસારની પરવશતામાં અનંતકાલ ગુમાવ્યો, હજી નહિં ચેતું, તો રખડપટ્ટી વધશે. જાગું, ચેતું, અને તોફાની મોહ મોજાને હટાવી વિજય મેળવું.

બાળવયની વિદ્યાના સુપ્રતાપે મળેલી સુપ્રસાદી અને સુસંસ્કારિતા તેનાજ ભાવિના દીર્ઘ જીવન પ્રવાહમાં અવસરે મહામૂલી એવી સમૃદ્ધિઓનું કામ કરે છે. અને તેથીજ પરમ સંતોષને પેદા કરાવે છે. ભાવિ જીંદગીનો નિર્માણ કાળ બાળવય જ છે.

ભારતીય આર્યસંસ્કારોથી ગુણને કેળવી શકે, અને જન્મ લઈ માનવ અવતાર પામીને, એકના નહિં, સોના નહિં, પણ હજારો આત્માઓના ઉદ્ધારક એટલેકે સાચા સાર્થવાહ બને ! તેવાં માતા અને સંતાન બેઉને ધન્યવાદ ઘટે છે. !

જેઓના કુટુંબને કુસંપનો ઝેરી પ્લેગ સ્પર્શ્યો નથી, અને જેઓના સ્વજન સ્નેહી વર્ગમાં ધર્મનું એકસત્તાધારી સામ્રાજ્ય પ્રવર્તે છે, તે ગૃહસ્થાશ્રમીઓ સુખી અને સંતુષ્ટ છે તેઓના મનોરથો ઇચ્છા કરવાની સાથે જ સફળ થાય છે.

જેઓની ધર્મપત્ની સદાચારના શણગારથી વિહીન હોય છે. તેઓની સમીપ લાખો અને ક્રોડોના વૈભવો હોવા છતાંય કંગાલીયતાનો અનુભવ કરે છે.

શબ્દકોષોમાં મીઠા અને હિતાવહ શબ્દો ચોકબંધ ભરેલા હોવા છતાંય, જે દુર્જનો કડવા, કર્કશ અને દુઃખપ્રદ અપશબ્દોનો ઉપયોગ કરે છે, તેઓ મીઠું અને સ્વાદુ ભોજન મોજુદ હોવા છતાં, કટુક અને નિરસ જમે છે, અને જમાડે છે.

અણીપરના સંયોગોમાં પણ જો ઉદારતા ચૂકે, તો કસોટી પર ચડાવેલા બનાવટી–ઇમીટેશન [ immitation ] સોનાની જેમ દાનેશ્વરી ફેલ [ fail ] જાય છે.

લાલસાથી લેપાઇ, જેઓ અનીતિ કરીને ઉપાર્જન કરેલું દ્રવ્ય તિજોરીમાં ચુપચાપ ભરી લ્યે છે, તેઓ પોતાના પુણ્યનેજ કેદમાં પૂરે છે.

આત્મસંયમ અને સદાચાર એ એવા હંમેશના સહચારિ મિત્રો છે, કે જ્યાં શોધો ત્યાં તે હળીમળીને રહેતા હોય છે.

ચક્રવર્તીઓની સત્તા છ ખંડમાં જ પ્રવર્તે છે. પણ પુણ્યવાન પુરુષોની નિરભિમાનતા એ એવી જાદુઈ વિદ્યા છે, કે તેઓની સત્તાની હેઠળ ત્રણેય લોક વર્તે છે.

સાહસિક શૂર પુરુષો, અને સાચા વિજેતા તેઓજ છે, કે જેઓ ઇંદ્રિયજન્ય વિષયોના ગુલામ બનતા નથી, ત્રાસ જનક હજારો યુદ્ધોને અવગણી ભડવીર થઇને લડનાર યોદ્ધો, સંસારમાં ભલે વિજેતા મનાય, પણ જો તે ઇન્દ્રિયજન્ય વિષયોનો ગુલામ બન્યો હોય તો તે હારેલોજ છે.

ભોગોની લાલસાઓ રોગને પેદા કરી શકે છે. તેવા રાજ્યક્ષ્મા ( ક્ષય ) જેવા રોગને નિર્મૂળ કરવા સામર્થ્યવંત ત્યાગીઓ જ સાચા

ધન્વંતરીઓ છે. અને તેઓ જ સાચો માર્ગ બતાવનારા છે.

સંસારના અનિત્ય પદાર્થજન્ય સુખો જુઠાં અને વિનશ્વર હોય છે. એ સુખોનો વિપાક પણ ભયંકર પીડામય હોય છે. અને સુજ્ઞો તો ધર્મ જનિત સુખનેજ સુખ માને છે.

અનીતિના દ્રવ્યનો સંચય, ફણિધર મહા-ભુજંગને જ સંગ્રહવા જેવો ભયંકર છે. અંગારાના સ્પર્શ કરતાં પણ એ દ્રવ્યનો સ્પર્શ કટુક વિપાક જનક છે.

સંપત્તિનો મદ એ મદિરાના નશાથી અધિક છે. મદિરાના પાન બાદ હિતાહિતનું કે કાર્યાકાર્યનું ભાન જેમ રહેતું નથી, તેમ જુઠા સંપત્તિના મદથી છકેલાઓ લજ્જા છોડી અપકૃત્યો કરે છે.

બ્રહ્મચર્યનો પરિપૂર્ણ પાલક વિશ્વવિજેતા બને છે, હજારો પ્રતાપી અતિશયોની સાથે હૃષ્ટપુષ્ટ બને છે, તેનું ચિંતવેલું સફળ થાય છે. અને તેનું વચન પણ દેવવચન જેવું અમોઘ નીવડે છે. દેવોય તેને નમે છે !

ક્ષમા અને શૌર્ય, વિષયત્યાગ અને અસ્વાદુતા, એ તપશ્ચર્યારૂપી અગ્નિની જ્વાળાઓ છે. બાકી તપરૂપી હીરો દુન્યવી આશાઓના અંચલોમાં વીંટાઇ જાય તો તેની ચમક અપ્રગટ જ રહે. તેની જ તપશ્ચર્યા સાચી કહેવાય, કે જેનો આત્મિક–વિકાસ સધાતો જાય.

શુભાશય કે સદ્‌ભાવના એ દાન શીલ અને તપશ્ચર્યાનું ઉદ્‌ભવ સ્થળ છે. ભાવવિહુણી ક્રિયાઓ કેવળ કાયશ્રમજ કહેવાય છે. એ ત્રણેય સદ્‌ગુણોનો શ્વાસ કહો કે પ્રાણ કહો; તે એક ભાવ વિશુદ્ધજ છે. ભાવનાના સ્વર્ણ-થાળમાં સત્ક્રિયાઓ સ્વાદુ મેવા જેવી અધિકાધિક શોભનિક અને આદરણીય બને છે.

અપકાર કરનારનું ય ભલું ચિંતવવું, એ પરાકાષ્ટાની પરોપકારીતા છે, પરોપકાર એ ધર્મકલેવરને પુષ્ટ કરવાનું અમૂલ્ય રસાયણ છે, પરોપકાર અને ધર્મી એ અન્યોન્ય હાથ અને આંગળીની જેમ, સંબંધ ધરાવે છે, ઉભયના નિર્ભેળ મેળમાં જ ધર્મવ્રતોનો વાસો છે.

આશાના વિનશ્વર માંચડા ઉપર નિશ્ચિત સુનારા સાચે છેતરાયા છે. આશા અને તૃષ્ણા, કુવિકલ્પજન્ય આપત્તિને નોતરનાર છે.

સજ્જન સંતો સ્વાભાવિક સન્માર્ગ ગામીજ હોય છે, મધ્યમ જનતા, પ્રેરકની પ્રેરણા–બળથી સાધુ રાહમાં યોજાય છે, જ્યારે અધમ માનવો પશુઓ કરતાં પણ નીચા છે. કારણ કે, પશુઓ તો ઇશારાના અનુસારે ચાલનારા હોય છે, અને અધમો તો પ્રેરણાને પણ અવગણે છે.

અક્કલમંદ ઈનશાનો સત્યને જુઠાથી અલગું કરે છે. જ્યારે મૂર્ખાઓ સત્યને જુઠના ભેગું લસોટે છે. મુર્ખાઓની પીછાણનું એ રેડ સીગ્નલ ( signal ) છે.

ક્રોધને વશ થઈ અન્યો પર સત્તા જમાવનાર સાચો અમીર નથી, પોતે પોતાના જીવનનું જ પ્રભુત્વ મેળવે તે જ સાચો સત્તાધીશ છે. કારણકે, પ્રભુત્વ પરાધિનતાથી પર છે અને તે આત્મસંયમથી સાંપડે છે.

# જીરાવલા પાર્શ્વનાથ

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ રાધનપુર.

"આપ મંદિરમાં જઈ શકશો નહિ, ધર્મસ્થાનકોમાં શસ્ત્રબદ્ધ જઈ શકાતું નથી."

"ક્ષત્રિયો પણ પોતાનાં શસ્ત્રો ઉતારતા નથી."

"ત્યારે આપ મંદિરની બહાર રહો." પહેરગીરે કહ્યું.

"મંદિરની બહાર?" રાજા સુધન્વાએ તલવાર ઉપર હાથ મુકતાં પૂછ્યું.

"હા," પહેરગીરે જવાબ વાળ્યો.

"હોંશિયાર!" વિજળીનો ચમકાર લેતી તલવાર એક ક્ષણમાં જ રક્ષકની ગરદન પર ફરી વળી. એનો દેહ, મંદિરની આરસ–તકતી પર ઢળી પડયો.

"રાજન!" શંકરસ્વામીએ કહ્યું.

"જી!"

"આપ જલ્દી કરો, મંદિરમાં ઘુસી પાર્શ્વનાથને સ્થાનભ્રષ્ટ કરી શ્રીચક્રની સ્થાપના કરો."

"ચક્રની સ્થાપના?" મંદિરમાં દર્શન કરી રહેલ વૃદ્ધ સાધુ ગર્જી ઉઠયા!

"હા,"

"અરે, સંન્યાસી! આ તું શું કહે છે? મંદિરનો ધ્વંસ કરી કેવું ઘોર પાપકર્મ ઉપાર્જન કરો છો, પ્રશમરસનીધિ ભગવાન પાર્શ્વનાથની મૂર્તિને ઉત્થાપી વિશ્વમાં કયો ધર્મ હાંસલ કરવા માંગો છો? જગતની કઈ કીર્તિને વરવા ચાહો છો?" સાધુએ પૂછ્યું,

"વિશ્વમાં શૈવધર્મનો ઝંડો ફરકાવવા મારો જન્મ થયો છે, જૈનો અને બૌદ્ધોને દૂર કરી સ્માર્ત્તધર્મનો ઉદ્ધાર કરીશ, જીરાવલાને સ્થાને ભૈરવનું સ્થાપન કરી શૈવધર્મની મહત્તા વધારીશ." સ્વામીએ કહ્યું,

"પરધર્મનાં મંદિરોનો ધ્વંસ કરવાથી કે પાશવી અત્યાચાર ગુજારવાથી ધર્મની મહત્તા વધશે નહી, કે પોલાદની ધારથી જૈનો નમશે નહી, હા, અમારા વાદી કુંજરકેશરી બપ્પભટ્ટસૂરિ મહાવિદ્વાન સાધુ છે, જગતમાં સમર્થવાદી છે. સામર્થ્ય હોય તો એમને હરાવી આપના ધર્મની મહત્તા વધારો!"

"એ પણ થશે. મંડનમિશ્ર જેવા અદ્વિતીય પંડિત શેખરને હરાવ્યો તો એ વળી કોણ માત્ર? મેં સાંભળ્યું છે કે, એ મહાપ્રતાપી અને વિદ્વાન છે, એને સરસ્વતીનું વરદાન છે, પણ હું સાક્ષાત શંકરનો અવતાર છું. તારા ગર્વમસ્ત સૂરીન્દ્રને હરાવી એની વિદ્યાનો મદ ઉતારીશ" સ્વામીએ કહ્યું,

"જ્યાં વર્ધનકુંજર જેવો પ્રસિદ્ધ સૌગતાચાર્ય હારી એનો શિષ્ય થયો, જ્યાં વાક્પતિ જેવા કટ્ટર સાંખ્યમતીને પણ એના દાસ બનવું પડયું; એવા એ મહાસમર્થ જ્ઞાનસ્વરૂપ સૂરીન્દ્રને હરાવવાની આપની તાકાત દેખાતી નથી, અને એથીજ પાશવી બળનો આશ્રય લઈ તલવારની ધારથી આપ રાક્ષસી અત્યાચાર ગુજારી રહ્યા છો." સાધુએ રોષથી કહ્યું,

"ચૂપકર!" સુધન્વાએ વૃદ્ધસાધુને પડકાર કર્યો,

"સંન્યાસી! જૈનો અને બૌદ્ધોનાં પવિત્ર દેવમંદિરોને ભ્રષ્ટ કરવાની આવી દુર્બુદ્ધિ કયાંથી જાગી? તલવારની ધારથી અમને વટલાવી, સંહારી, કઈ સિદ્ધિને વરવા ચાહો છો?" વૃદ્ધ શ્રમણે પૂછ્યું.

"દૂરહટ!" નહીતર યમદેવનાં આતિથ્યનો સ્વીકાર કરવો પડશે, રાજા સુધન્વાનાં પોલાદી

ખંજરનો ભોગ થવું પડશે." રાજાએ ખંજર ઉપર નજર નાંખતાં કહ્યું.

"મહારાજા! શ્રાવકોનાં સશસ્ત્ર ટોળાં મંદિરની બહાર ઉભરાઇ રહ્યાં છે, ખુબજ શ્રમથી એમને બહાર અટકાવી રાખવામાં આવ્યાં છે." બહારથી આવેલ કોઇ સૈનિકે કહ્યું.

"સંન્યાસી! દૂર અરબને કિનારેથી જ્યારે પરદેશીઓ ભારત ઉપર ત્રાટકી રહ્યા છે. મહમુદ કાસિમ જેવા અરબ સરદારો હિંદ-દેશની ધરતી ખુંદી રહ્યા છે, ત્યારે આર્યાવર્તની સંપીલી પ્રજામાં કુસંપનાં આવાં ઝેરી બી રોપી, ભારતીય પ્રજાજન ઉપર કયો ઉપકાર કરવા માંગો છો?" વૃદ્ધ શ્રમણે પૂછ્યું.

બહાર કોલાહલ ખૂબ વધી ગયો, મરતાં મરતાંય થોડા શ્રાવકો મંદિરમાં ધસી આવ્યા. એમને સશસ્ત્ર દેખી સુધન્વા ગભરાયો. બહારથી એનાં સૈનિકો પણ આવી લાગ્યાં. ભંયકર કાપાકાપી શરૂ થઈ. રૂધિરની નદીઓ વહેવા લાગી, મંદિર શબોથી ઉભરાઇ રહ્યું.

શંકરસ્વામી ગર્ભદ્વારની અંદર ઘૂસ્યા, સૈનિકોની સહાયથી એકેએક મૂર્તિઓ ઉત્થાપી નાંખી, ભગવાન શ્રીપાર્શ્વનાથની મૂર્તિનો પણ નાશ કરી-ચક્રની સ્થાપના કરવામાં આવી. જૈનોની સંખ્યા ઓછી હતી, પણ તેઓ ડર્યા નહી, રક્ત નિતરતાં શરીરે પણ એમણે સામનો ચાલુ રાખ્યો. સંખ્યાબંધ જૈનો કપાઈ મુવા, જીવન ધર્મને અર્પણ કર્યું, મૃત્યુંજયી બન્યા.

"તું કેમ ઉભો છે?" પેલા વૃદ્ધ શ્રમણને હજુ જીવતો જોઇ સુધન્વાએ ખંજર ભોંકતા કહ્યું. સાધુના દેહમાંથી લોહીની ધારા છુટી, તમ્મર સાથે એઓ નીચે બેસી ગયા, છતાંય અજબ શાંતિથી એમણે કહ્યું,

"સંન્યાસી! અમારાં પવિત્ર તીર્થનો નાશ કરી તું આનંદ પામે છે કાં? પણ યાદ રાખજે કે, એવુંજ તારૂં મહાન તીર્થ વિધર્મીઓના હાથે ખંડિત થશે, તે દિવસે ત્હારા સેંકડો ભક્તોને રક્તસ્નાન કરવું પડશે, ત્હારાં ધર્મમંદિરમાં લોહીની સિંધુ વહેતી થશે."

"તું શું કહે છે?" વૃદ્ધ સાધુની આંખોમાં તેજ પથરાતું જોઈ શંકરસ્વામી ચોંકી ઉઠયા.

મંદિરની લૂંટથી એનાં હીરા માણેક, મોતી અને સુવર્ણથી ગીઝનીના રાજભંડારો ઉભરાઈ રહેશે. મૂર્તિના ટુકડાઓ મોજડીઓ રાખવાના બાજોઠ બનશે, ત્હારા સેંકડો ભકતો મંદિરની રક્ષા કરતાં કરતાં ખપી જશે, પણ ભગવાન શંકરનું મંદિર બચી શકશે નહી. સાધુએ અતિશય શ્રમિત બની કહ્યું, એમની આંખો મીંચાવા લાગી, અને ખુબ ઝડપથી એમનો આત્મા ઉંડો ઉતરતો ગયો.

અર્હંત! અર્હંત! શબ્દના ઉચ્ચાર સાથે એમનો આત્મા આ ફાની જગતનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

વર્ષો પછી મહમુદગીઝની હિંદુસ્તાનમાં ઉતરી આવ્યો, એણે સોમનાથપાટણનું ભારત પ્રસિદ્ધ શિવાલય તોડી નાંખ્યું અને દેવમૂર્તિઓના ટુકડાઓ કરી ગીઝની લઇ ગયો. વળી હજારો ભક્તોની બેફામ કત્લેઆમ ચલાવી. એ સેંકડો ઉંટો ઉપર ઝરઝવેરાત આદિ કિંમતી વસ્તુઓ ઉપાડી ગયો. ભારત હંમેશને માટે પરતંત્ર થતું ગયું.

વૃદ્ધ શ્રમણની ભવિષ્યવાણી સાચી પડી.

# જ્ઞાનિની દૃષ્ટિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ

પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ.

કોઈપણ જાતિની ઈહલૌકિક વાસનાઓ વિના કેવળ પરલોકની ખાતરજ, ઉત્તમ કોટીના ત્યાગને આચરી રહેલ પ્રજાઓમાં જૈનકોમનો નંબર મોખરે આવે તેમ છે. તેનું કારણ તેને પ્રાપ્ત થયેલ પરલોક વિષયક સંગીન [Concrete] અને શ્રદ્ધેય [Trust worthy] જ્ઞાન છે. આજે વૈજ્ઞાનિકો તરફ ઢળેલી દૃષ્ટિ અને જ્ઞાનિઓ પ્રત્યે આવેલી ઉપેક્ષા એ ધર્મરૂચીના અભાવમાંથી જન્મેલી છે. જ્ઞાન પ્રત્યેનો પ્રેમ [Love for knowledge] માણસને આજે પણ જેટલું આકર્ષણ જ્ઞાનિઓનાં પ્રમાણમાં અલ્પ પણ સુનિશ્ચિત વિદ્યમાન વચનો પ્રત્યે કરી શકે તેમ છે, તેનો એક અંશ પણ વૈજ્ઞાનિકોનાં વિશાળ પણ અનિશ્ચિત અને સંદિગ્ધ વચનો પ્રત્યે કરી શકે તેમ નથી. વૈજ્ઞાનિકોનાં તારણો એ સંદિગ્ધ [Ambiguous] અને અનિશ્ચિત [Uncertain] છે. તેઓની દૃષ્ટિ બીજા મનુષ્યોની અપક્ષાએ દૂર પણ પહોંચેલી હોવા છતાં અનંત જગતની દૃષ્ટિએ તો તેઓનું જ્ઞાન એક બિન્દુ જેટલું નથીજ હોતું, એ વાત તેઓનાંજ વચનોથી સુસિદ્ધ છે.

વર્તમાન વૈજ્ઞાનિકોમાં સર આઈઝેકન્યુટન [Issac Newton] નું નામ સૌને મોખરે છે. ગુરૂત્વાકર્ષણ [Law of Gravitation] ના આદ્યશોધક તરીકે તે પ્રખ્યાત છે. વર્ડ્ઝવર્થ જેવા કવિઓએ તેની પ્રશંસાનાં ગીતો ગાયાં છે. તેવા એક વિજ્ઞાનવેત્તાએ પણ પોતાના પ્રશંસકોને મૃત્યુશય્યા ઉપરથી જે વચનો સંભળાવ્યાં છે, તે દરેકે યાદ રાખી લેવા લાયક છે. તે કહે છે કે,

"જગતની દૃષ્ટિમાં હું કેવો હોઈશ, તેનું મને જ્ઞાન નથી પણ મને તો મારા વિષે એમજ લાગ્યું છે કે, અનંત મહાસાગરના કાંઠે એક ન્હાના બાળકની માફક હું રમતજ રમી રહ્યો હતો. બીજાઓને મળી શકે તેના કરતાં વધુ ઘાટીલા, ગોળ અને લીસા પત્થરો અથવા તો વધુ સુંદર છીપો વીણવાનો મેં પ્રયાસ કર્યો હશે; પરંતુ સત્યના અનંત મહાસાગરને તો હું સ્પર્શી શકયો પણ નથી."

એમ કહેવાય છે કે, સર આઈઝેકન્યુટન જ્યારે કુદરતનાં રહસ્યોની શોધમાં રોકાતા, ત્યારે જે નવાં નવાં ભયંકર સત્યો તેમની દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થતાં, વિશ્વની વિરાટ રચનાની ભયંકર અનંતતા જેમ જેમ તેમના મગજને વમળે ચઢાવતી, તેમ તેમ તેઓ એ વિરાટતાથી, એ અકલ્પ્ય રહસ્યોથી ત્રાસી જતા અને પોતાના અદ્ભૂત પ્રયાસોને છોડી દેતા. બીજા શબ્દોમાં કુદરતનાં રહસ્યોની અમર્યાદિત શકયતાઓ અપનાવી લેવા જેટલું તેમનું મન બળવાન નહોતું. એજ વાતને સાદા શબ્દોમાં એમ કહી શકાય કે, તેમનું જ્ઞાન કુદરતનાં રહસ્યો સમજવા માટે છેકજ અસમર્થ હતું. આ તો થઈ મોટામાં મોટા વૈજ્ઞાનિકની વાત. બીજા વૈજ્ઞાનિકો જે કાંઈ શોધો કરી શકયા છે, તે મોટે ભાગે સર આઈઝેક ન્યુટનનો ગુરૂત્વાકર્ષણનો સિદ્ધાંત શોધાયા પછીજ. તે શોધો સામાન્ય મનુષ્યની અપેક્ષાએ ગમે તેટલી મોટી મનાતી હોય, તોપણ અનંત જગતની દૃષ્ટિએ અને એ અનંત જગતને જાણનાર અનંત જ્ઞાનિઓના જ્ઞાનની દૃષ્ટિએ એક બિન્દુ માત્ર પણ નથી, એ વાતની કોઈનાથી ના પાડી શકાય એમ છે?

વૈજ્ઞાનિકો અને તેમની શોધો આ રીતે જ્યારે સત્યના એક અંશને પણ પૂર્ણતયા શોધી શકેલ નથી, ત્યારે તેના ઉપરજ મદાર બાંધીને જીવનની સઘળી પ્રવૃત્તિઓને અપનાવવા તૈયાર થવું, એ શું સાહસિકતા નથી? સાચી વાત એ છે કે, લોક ઐહલૌકિક પદાર્થોને ઓળખે છે., તેનાથી થતાં અને થનારાં સુખોને પીછાને છે અને તે કોઇ પણ ઉપાયે મળતાં હોય તો તેના શોધકોને હૃદયના અભિનંદન આપે છે. આ જાતની ઐહલૌકિક સુખભોગની લાલસા, એજ જ્ઞાનિઓનાં સત્ય, સુસંગત અને ન્યાયયુક્ત વચનો પ્રત્યે પણ અનાદરતાનું કારણ બને છે. એ ભોગ લાલસા જેની નાશ પામે છે, તેને વૈજ્ઞાનિકોનાં વચનો અપૂર્ણતાથી ભરેલાં લાગે છે એટલું જ નહિ પણ તેની પાછળ [Blindly] દોરાવામાં સ્વપરનો એકાંત વિનાશ જ જુવે છે. એજ રીતિએ એવા આત્માઓને અનંત જ્ઞાનિઓનાં વચનો પરિપૂર્ણ અને વિશુદ્ધ [Absolute and pure] સત્યજ્ઞાનને પેદા કરનારાં લાગે છે તથા તેનું વારંવાર મનન અને પરિશીલન તેમને મન જીવનના એક અપૂર્વ આહ્લાદનું સાધન થઈ પડે છે. જે આનંદ અને જે સુખ તેમને જ્ઞાનિઓનાં વચનોનું પરિશીલન કરતી વખતે અનુભવાય છે, એ આનંદ અને એ સુખ દુનિયાની કોઈ શહેનશાહતનાં સુખોમાં પણ તેમને દેખાતાં નથી. જ્ઞાનિઓનાં વચનોની આ વિશિષ્ટતા [Pecularity] તેઓને જ સમજાય કે, જેઓની ભોગરૂચી [Love of passions] નષ્ટ થઇ હોય અને તત્ત્વરૂચિ [Love for Knowledge of reality] જાગૃત થઈ હોય. બીજાઓની દૃષ્ટિએ તો આ વાત અતિશયોક્તિરૂપ પણ બની જાય.

[ વિશેષ આગામી અંકે ]

# ર ■ જ ■ ક ■ ણ

## ધુમકેતુ

(૧) તમને આ ખબર છે? તમે જે વિચારો વ્યક્ત કરો છો એ ઘણી વખત તમારું બંધન પણ બની જાય છે? બીજાના વાદનો અનુવાદ કરવાની હોશિયારી એ શક્તિ વિષે તમને ગમે તેટલો વિશ્વાસ હોય, છતાં જ્યારે એ પ્રચલિત વાદ, વાસી થઈ જાય, ત્યારે તમારો અનુવાદ તમને એક એવા શૂન્ય ખડક ઉપર મૂકે કે જ્યાંથી તમે જીવનનો કોઇપણ માર્ગ સ્પષ્ટ નિહાળી ન શકો. તમારે માટે જીવનનો એક જ માર્ગ પછી રહે. બીજા કોઇ વાદનો અનુવાદ કરવાનો.

(૨) નવા નવા અનુભવો માટે જુવાની તલસે એ વસ્તુ સમજી શકાય તેવી છે; હરેક અનુભવથી એ પોતાનો આંક ફેર માંડે એ પણ સમજી શકાય તેવી વસ્તુ છે; પણ જુવાની જ્યારે પોતાના કાર્યની પ્રશંસા મેળવવા ઘેર ઘેર ભીખવા નીકળે ત્યારે એ આપઘાત ન સમજી શકાય તેવી પરિસ્થિતિ છે. એ તે ઉગતી જુવાની છે કે આથમતી સંધ્યા છે?

(૩) જે માણસ જીવનમાં આટલું જ ઇચ્છે, પોતાને મળેલો સ્વભાવ સુધારવાનું; એને એટલું બધું શ્રમ ભરેલું કામ મળી જાય છે કે એને કોઇપણ વાદના ઉત્સાહી લડવૈયા થવાની જરૂર જ રહેતી નથી! કે, એ અતિ-ઉત્સાહમાં અનેક અર્ધસત્યોને પૂજવાની જરૂર પણ રહેતી નથી. એનું પોતાનું જીવન જ એક સંપૂર્ણ કાર્યક્ષેત્ર બની રહે છે.

# સંસ્થાના સુકાનીઓ:

**શ્રી સોમચંદ શાહ**

હું જે લખી રહ્યો છું તે કોઇ એક સંસ્થાને આશ્રયિને લખવાનો મારો આશય નથી. બહુલતયા આજે જે પરિસ્થિતિ માલુમ પડે છે અને સુધારાને પાત્ર છે તેવું લખાણ અવસરોચિત લખવું મને ઠીક લાગે છે અને એથીજ ઘણા ટાઇમ પછી એ સંબંધિ આજે કલમ ઉપાડું છું.

લખતાં પહેલાં બીજો એક ખૂલાસો કરતો જાઉં કે, સઘળીયે સંસ્થાઓનું તંત્ર મૂળમાં સડેલું છે એમ ન મનાય, તેમજ સંસ્થાઓના દરેક કાર્યકર્તાઓ પોતાની ફરજથી ચૂકે છે એમ પણ ન લખાય. આજે પણ સમાજમાં સંસ્થાના હિતને તકાસીને સેવાના ધ્યેયથી કામ કરનારાઓ વિરલ આત્માઓ હશે અને એથીજ તેમને આ લખાણ લાગુ ન પાડી શકાય.

જે સંસ્થાઓના મૂળ પાયામાં પ્રભુમાર્ગથી વિરૂદ્ધ તત્ત્વોનું સિંચન કરાએલું છે તે સંસ્થાઓ તો સમાજને કાંઈ પણ લાભને બદલે પુરતું નુકશાન પહોંચાડે છે. પણ જે સંસ્થાઓ સમજના લાભનો દાવો કરે છે, તેને ઉદ્દેશી આજે કાંઇક લખાય છે.

વિશેષ કરીને આજે સંસ્થાઓના તંત્ર ચલાવનારા એવા સંચાલકોમાં ખામી જોવાય છે. ક્રમશઃ આપણે જોઇએ કે, સંસ્થા શાથી પ્રગતિમાન બનતી નથી. મને નીચેનાં કારણો માલુમ પડે છે.

સંચાલક એટલે સંસ્થાને ચલાવનાર; પછી તે પ્રમુખ, ટ્રસ્ટી, કાર્યકર્તા, સેક્રેટરી કે મેમ્બર હોય; સંસ્થામાં ઓનરરી તરીકે જોડાએલી કોઈ પણ હોદ્દેદાર વ્યક્તિ હોય. આ અર્થાશયને ખ્યાલમાં રાખી લખું છું

(૧) દુનિયાદારીનો વ્યવસાય જેને વધુ વળગેલો હોય છે અને જેઓ શ્રીમંત પાર્ટી હોય છે, તેને જ વિશેષ કરી સંસ્થાના પ્રમુખ વહીવટદાર કે સેક્રેટરી તરીકે નિમવામાં આવે છે. બને છે શું કે, તેઓ પોતાના કામ આડે સંસ્થાની હરેક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લઇ શકતા નથી, એટલે ધીમે ધીમે સંસ્થાના કામમાં મોળાશ આવતી જાય છે અને પરંપરાએ અનેક પ્રકારની તૃટિઓ પગપેસારો કરતી જાય છે.

(૨) આજે એ પણ જોવાય છે કે, શ્રીમંતો આવા સ્થાન પર આવી શ્રીમંતાઇના મદમાં ને અધિકારોના બળે તંત્ર ચલાવવા માગે છે. જો તેઓની પેટ ભરીને ખુશામત ન કરવામાં આવે, તો તેના નીચેના નોકરીઆત વર્ગના માણસોને બરતરફ કરી સંસ્થાના કાર્યને દફનાવી નાંખે છે અને એથી જરૂર, યોગ્ય આત્માઓને સ્વાભાવિક દુઃખ થાય છે. સંસ્થાનું ગમે તે થાઓ પણ પોતાનું ધાર્યું કરવા તે લલચાય છે પણ એના પરિણામમાં શું આવશે તેનો જરા સરખો પણ વિચાર થતો ન હોય એમ કેટલીય જગ્યાએ જોવાય છે.

(૩) સંસ્થાની ભિતરમાં બદબો હોવા છતાં જ્યારે તેને દાબી રાખવામાં આવે છે, ત્યારે તેનું પરિણામ ભવિષ્યમાં ભયંકર ભાસે છે, જેટલી બદબો ઉંડે ઉંડે રહેલી હોય તેને દૂર કરવા જરૂર પ્રયત્ન થવો જોઇએ અને જો તેમ ન કરવામાં આવે તો તેના પાયામાં સડો પેઠા વિના રહે નહિ, આજે દેખાવો એવા કરવામાં આવે છે કે, જલ્દિ કળી શકવું મુશ્કેલ બને છે. બાહ્ય અલંકારોની સજાવટ એવી

ખૂબી ભરેલી હોય છે, પણ એમાં સંસ્થાની પ્રગતિ રૂંધાય છે.

(૪) આજે આત્મામાં પાપભિરૂતાનો ગુણ ઘટવા લાગ્યો છે અને એથીજ આજે એક પાપને ઢાંકવા આત્મા અનેક પાપોની પરંપરા વધારતો જાય છે. પણ ખ્યાલ રહે કે, સંસ્થાનું કોઇ પણ બાજુથી મારા વડે ભુંડું ન થઇ જાય અને થશે તો સેવાના બદલે કુસેવાનો ભાગીદાર બનીશ. જો આવો ખ્યાલ રહે તો ખરેખરી રીતે સંસ્થાની સેવા થઇ શકે.

(૫) કેટલાક કાર્યકર્તાઓની સંકુચિત મનોદશા સંસ્થાના કાર્યને કુંઠિત બનાવે છે, કેવળ વર્તમાનનો જ વિચાર કરી ભવિષ્યના સુંદર પરિણામને ગુમાવી બેસે છે, નોકરોના પગારની કાપકુપ કરે છે અને નોકરો પાસેથી વિશેષ કામ લેવાની ધગશ રાખે છે. કહેવું જોઇએ કે, બેદરકાર ને બેકદર બની જો કામ લેવામાં આવે તો ધાર્યું કામ લઇ શકાતું નથી.

(૬) ઘણી સંસ્થાના કાર્યવાહકોમાં ઉપેક્ષાવૃત્તિ વિશેષ માલુમ પડે છે અને તેથી સંસ્થાની કેપીટલ ભયમાં મૂકાય છે. સંસ્થાનું કામકાજ નોકરને સોંપ્યા પછી જો જાતિ દેખરેખ ન રાખવામાં આવે તો કયારે શું થશે તેનું કાંઇ કહી શકાય નહિ. તેમાંય આજની કપરી પરિસ્થિતિ, એટલે શું કહેવાનું હોય ? આજે ઘણા દાખલાઓ ઉપેક્ષાવૃત્તિથી બનવા પામ્યા છે.

(૭) આજે આ પણ જોવા મળે છે કે, સારી ને પ્રતિષ્ઠિત સંસ્થાનું બુરૂં ચિંતવનારા વિઘ્નસંતોષીઓ યેનકેન પ્રકાર વડે અવગુણોનું અન્વેષણ કરી સદ્દગુણોને પણ દુર્ગુણો તરીકે લેખે છે–પ્રચારે છે. સારી રીતે કામ કરી રહેલી સંસ્થાઓને, અન્ય સંસ્થાના સંચાલકો ઉતારી પાડવા પ્રયત્ન કરે છે, પણ એવાઓની પરવા તેના હિતચિંતકોએ કરવાની હોતી નથી. જરૂર સંસ્થાના સિદ્ધાંતો ને કાર્યવાહી માર્ગથી વિરૂદ્ધ જતી ન હોવી જોઇએ.

(૮) કામ કરનારાઓમાં પણ હુંસાતુંસી અને માન–અપમાન ઘર કરતું જાય છે અને તેના પ્રતાપે કેટલાંક સુંદર કાર્યો પણ અટકી જાય છે. હું માનું છું તેજ થવું જોઇએ, પછી ભલે એ ઠીક હોય કે અઠીક, પણ તેના માટે બનતો પ્રયત્ન કરી ચૂકે છે. આ માન્યતા પણ સંસ્થાના હિતમાં ઘા કરનાર છે.

આ સિવાય અન્ય કારણો પણ મોજુદ છે, પણ બધાનું વિવરણ કોઈ વખત પર મુલતવી રાખી હાલ તો આટલું લખી લેખની ઉપસંહારની ભૂમિકા તરફ વળીએ.

એવી દુઃખદ ઘટનાઓ સંસ્થાઓની પીઠ પાછળ પડેલી છે કે, બહાર આવે તો સમાજને ઘણું દુઃખ થાય તેમ છે. મારી આગળ પ્રતિષ્ઠિત ગણાતી બેએક સંસ્થાઓનો રીપોર્ટ આવેલો છે અને તે ઉપરથી આ લેખ લખવાનું વિશેષ મન થઇ આવ્યું છે. જે સંસ્થાઓનો રીપોર્ટ (ખાનગી) મળેલો છે, તે સંસ્થા સાથે મારે જરાપણ નિસ્બતપણું નથી. કેવળ મારો લખવાનો આશય આજની પરિસ્થિતિ સુધરે તેજ છે.

આપણી જાણબહાર એવી કેટલીયે બીનાઓ હશે કે, ખૂલ્લી પડતાં ભયંકરમાં ભયંકર ગણાય. વિશેષ દુઃખ તો એ થાય છે કે, જાણી જોઇને અવળનીતિ અખત્યાર કરવામાં આવે છે અથવા તો તેનું પોષણ કરવામાં આવે છે. સંસ્થાઓના સુકાનીઓ સંસ્થાઓનું હિત સાચવવા બનતો પ્રયાસ કરશે. આટલું લખી આ લેખના અંતમાં હાલ તો પૂર્ણવિરામ મૂકીએ છીએ.

# લોક કહેવતોમાં સુભાષિતો:-

પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ.
છાપરીઆ શેરી, સુરત.

* તપાગચ્છાધિપતિ પૂ. આચાર્ય **શ્રી** વિજયદેવસૂરિજીના રાજ્યકાલમાં વિ. ના ૧૭ મા શતકદરમ્યાન વાચક **શ્રી ધન**વિજયજી ગણિવરે રચેલા '**આભાણ શતક**' નામના લઘુગ્રન્થના શ્લોકોનો સાર ભાગ આ શિર્ષક હેઠળ 'કલ્યાણ' માસિકમાં પ્રગટ થશે. અત્યાર અગાઉ, આ ગ્રન્થનો એકભાગ ગતવર્ષના ત્રીજા ખંડમાં પ્રગટ થઇ ગયો હતો. ત્યારબાદ ૧૬ મા શ્લોકથી આ લેખાંક શરૂ થાય છે.

* ધર્મોપદેશને લોક કહેવતોની સાથે જોડીને જે પદ્ધત્તિથી ગ્રન્થકાર મહાત્માએ આ લઘુ ગ્રન્થની રચના કરી છે, એ પણ કાવ્યચમત્કૃતિનું એક સુંદર ઉદાહરણ પૂરૂં પાડે છે. મૂળ ૧૦૪ શ્લોક ૪ પ્રશસ્તિ શ્લોક આમ ૧૦૮ શ્લોકની આ કૃતિ મૂળ અને ભાષાનુવાદપૂર્વક કલ્યાણમાસિકમાં ક્રમશઃ અમે શક્ય હશે તો પ્રસિદ્ધ કરશું, સં.

**रन्ध्रेण सहिते कुम्भे, यथा नीरं न तिष्ठति;**
**पापेनमलिने पुंसि, तथा सद्धर्मवासना. १६**

કાણાવાળા ઘડામાં જેમ પાણી નથી રહેતું તેમ પાપથી મલીન એવા પુરૂષને વિષે શ્રેષ્ઠ-ધર્મની ભાવના નથી રહેતી. ૧૬

**पृथिव्यां रत्नबाहुल्ये, प्राप्तिः पुण्यानुसारिणी;**
**जलधौ जलबाहुल्ये, प्राप्तिः पात्रानुसारिणी. १७**

પૃથ્વીની અંદર ઘણાં રત્નો હોવા છતાં પુણ્યના અનુસારે જીવોને તેની પ્રાપ્તિ થાય છે, જેમ સમુદ્રને વિષે ઘણું જળ હોવા છતાં જેવું પાત્ર હોય તે રીતે તે મળે છે. ૧૭

**देवगुर्वादि सामग्र्यां, य प्रमादपरायणः,**
**नीरेण भरितेऽभ्यर्णे, तटाके तृषितः स्थितः १८**

દેવ ગુરૂ અને ધર્મની સામગ્રી હોવા છતાં જે પ્રમાદ કરે છે તે પાણીથી ભરેલા તલાવની નજીક જવા છતાં તરસ્યો રહે છે. ૧૮

**तीर्थयात्राकरः सङ्घ-पतिर्भवति भूतले;**
**ततः सत्यमिदं जज्ञे, यतो धर्मस्ततो जयः १९**

તીર્થયાત્રાઓ કરનારા ભૂતલને વિષે સંઘ-પતિ થાય છે, તેથી આ સત્ય છે કે, જ્યાં ધર્મ છે ત્યાં જય છે. ૧૯

**दया सर्वजना भीष्टो-पदिष्टा च जिनैर्यथा;**
**इष्टं वैद्योपदिष्टं च, पयःपानं सशर्करम्. २०**

શ્રી જિનેશ્વરદેવે સર્વ જનોને અભીષ્ટ એવી દયાને ધર્મ તરીકે ઉપદેશી છે. એ 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું,' અથવા 'દુધ અને એમાં સાકર ભળી' જેવું છે. ૨૦

**गतातिथिर्यथापूर्वं, ब्राह्मणैर्न च वाञ्छ्यते,**
**तथा पुराकृतं पापं, धर्मिभिर्नानुमन्यते. २१**

જેમ ગયેલો દિવસ બ્રાહ્મણો પણ કહેતા નથી તેમ પહેલાં કરેલા પાપની ધર્મિપુરૂષો પણ અનુમોદના કરતા નથી. ૨૧

**यथा पानीयमार्गेण, पानीयं याति सत्त्वरम्;**
**तथा स्वभावतो धीरा, उत्तमा उत्तमा ध्वना. २२**

જેમ પાણીના માર્ગે પાણી જલ્દી જાય છે તેમ સ્વભાવથી ધીર ઉત્તમપુરૂષો ઉત્તમમાર્ગનો પોતે સ્વભાવથી આશ્રય કરે છે. ૨૨

**पानीयस्य गतिर्नीचैरुच्चैर्गतिरुपायतः**
**तथा पाप स्वभाव स्योपदेशात्सद्गतिर्भवेत्. २३**

નીચી ગતિવાળા પાણીને ઉપાયથી ઉંચી ગતિ કરાય છે તેમ પાપ સ્વભાવવાળા જીવને ઉપદેશથી સદ્ગતિ થાય છે. ૨૩

**दयादानादिकं धर्मं, जिनोक्तमपरे तथा,**
**दूरतो वृष्टिवार्त्ताहि, वदन्ति पथिका यथा. २४**

શ્રી જિનેશ્વરદેવે કહેલા દયા, દાન આદિને અન્યતીર્થિકો પણ ધર્મ તરીકે જે કહે છે તે, વરસાદ પડયાની વાતને દૂર રહેલા મુસાફરો પણ કહી શકે તેના જેવું છે. ૨૪

**परम्परागतं धर्मं, विना सर्वं न शोभते;**
**कलाकलापकलितं, केकिनृत्यं कृतं यथा २५**

કલા સમુહથી યુક્ત મોરનું નૃત્ય જેમ શોભે છે, તેમ પરંપરાથી ચાલી આવતા શુદ્ધ ધર્મથી સઘળું શોભે છે, નહિતર નહિ. ૨૫

**क्रमागतं गणं मुक्त्वा, मूढायान्ति गणान्तरम्;**
**पल्वलं दर्दुरा यद्वद्विहाय सरितांपतिम्. २६**

પૂર્વક્રમથી ચાલી આવતા પોતાના શુદ્ધ અને શાસ્ત્રીય ગણુ, ગચ્છ કે સંપ્રદાયને મૂકીને અજ્ઞાન આત્માઓ અન્ય અન્યગણોમાં ભટકી મરે છે, તે ખરેખર સરોવર કે સાગરને મૂકીને જેમ દેડકાઓ ખાબોચીયામાં રખડે છે, તેના જેવું કહેવાય. ૨૬

**स्वकीया शुद्धधर्मस्य, मिथ्यात्वं वक्तिको जनः?**
**दुष्टायाः को निजाम्बायाः शाकिनीत्वं प्रकाशयेत्. २७**

પોતે પકડી રાખેલા અશુદ્ધધર્મને કયો પુરૂષ મિથ્યાત્વ કે ખોટો તરીકે કહે? દુષ્ટ એવી પોતાની માતાને કોણ ડાકણ કહે? ૨૭

**बहुरक्षित बहुशिक्षित नीचजनो भजति नैव सन्मार्गम्,**
**पुच्छमिव सुनो नलिकाधृतमपि सरलं यथा न स्यात्. २८**

સારી રીતે રક્ષણ કરેલો અને સારી રીતે શિક્ષણ આપેલો પણ નીચ પુરૂષ સન્માર્ગને પામતો નથી, જેમ સીધી રાખવા માટે નાળમાં રાખેલી પણ કુતરાની પુંછડી સરળ થતી નથી. ૨૮

**ज्ञानदर्शन चारित्रा-सातना बहुधाकृतौ,**
**मिथ्यादुष्कृतंदाने, तत्समुद्रे सक्तुमुष्टिवत्. २९**

જ્ઞાન, દર્શન અને ચારિત્રની આશાતના ઘણી વખત કરવા છતાં તેને મિથ્યાદુષ્કૃત દાન તે સમુદ્રમાં સકતુની મુઠી જેવું છે. ૨૯

**परस्त्रीरमणासक्तः परद्रव्यापहारकः,**
**स याति निधनं प्रायो, यत पापस्ततः क्षयः ३०**

પરસ્ત્રીમાં આશક્ત અને પરદ્રવ્યને હરનારો, પ્રાય કરીને ધન વગરનો થાય છે, કારણકે જ્યાં પાપ છે ત્યાં નાશ છે. ૩૦

## આધ્યાત્મિક વિજય

શ્રીકુંજ

મિતાહારી રહો નિત્યે દૃઢ ઇન્દ્રિયનિગ્રહે;
વિકારી ચિત્તને જીતી વાધો અમરતા પથે!
શ્રેય–પ્રેય–વિવેકી થા, વિરાગી વિષયો પ્રતિ;
કરી અન્તર્મુખી વૃત્તિ, સ્વાર્પણે રાખજે રતિ.
'અમર્ત્ય આત્મ છે', માની જીવજે આત્મજીવન;
ચિરજીવનની પ્રાપ્તિ કરજે તું સનાતન!
જન્મ ને મૃત્યુ કેરી તું મુક્ત થા ઘટમાળથી;
આત્મજીવનને જીવી પામજે શાન્તિ શાશ્વતી!
વિકારો ચિત્તને હાવાં દમે લેશ ત્હને નહિ;
હવે તો સ્વ–સ્વરૂપે તું વિરામ શકશે ગ્રહી.

## હિતશિક્ષા:

શ્રી નિરંજન

આવ્યો પણ જાણ્યો નહીં, મનખાતણો મર્મ;
શેર લોટના કારણે, કોટી બાંધે કર્મ. ૧
ધર્મ કર્યો તે આપણો, શું લઈ જવું છે સાથ;
નિશ્ચે જવું પરલોકમાં, ખુલ્લા મૂકી હાથ. ૨
ઇચ્છે જેવું અવરનું–તેવું આપણું થાય;
ન માનો તો કરી જુઓ, જેથી તર્ત જણાય. ૩
દયા સુખની વેલડી, દયા સુખની ખાણ;
અનંત જીવો મોક્ષે ગયા, દયા તણા ફલ જાણ. ૪
ભવ બાજી રમતાં કદી, હારે ભલે રમનાર;
છેલ્લી બાજી સુધારી લે, તો પણ બેડોપાર. ૫

જગતનો નકશો ઝડપભેર પલટાઇ રહ્યો છે. જુની દુનીયા વિદાય લઇ રહી છે. નવી દુનીયાનાં પગરણો આપણી આસપાસ મંડાઇ ચૂકયાં છે. દશકા પહેલાં અરે! પાંચ વર્ષ પહેલાં જે હકીકત માની શકાય નહિ, આજે આપણી સગી આંખો એ બનાવોને નજરે જોઈ રહી છે. ભયંકર ભૂખમરો, ગજબ મોંઘવારી અને કારમી બેકારી–આ બધાં નવી દુનીયાનાં પયગામ, ઉઘાડા કાને આપણે સાંભળી રહ્યા છીએ.

હિંદુસ્તાનની નંદનવન જેવી ફાલી–ફૂલી ધરતી પર, દુકાળનો વિકરાળ પંજો પડી ચૂકયો છે, વિજ્ઞાન, યંત્રવાદ, અને ચમત્કારોની આજની નવી દુનીયાએ, સંસારના માનવોને કશો જ લાભ આપ્યો નથી. ઉલટું, ભૂખમરો, મોંઘવારી, અને બેકારીનાં દુઃખો જગતની પીડિત પ્રજા પર તેણે બલાત્ ઠોકી બેસાડયાં છે. મહાયુદ્ધો અને માનવોનો જબરજસ્ત રક્તપાત; યંત્રવાદની ઝેરી હવાએ જન્માવ્યાં છે.

આજે લાખ્ખો બલ્કે કરોડો માનવો; પેટપર પાટા બાંધી ભૂખ્યાપેટે દિવસોના દિવસો પસાર કરી રહ્યા છે. આવા લાખ્ખો માનવીનું જીવન ભયમાં છે. દિન–પરદિન તંગ બનતી આજની પરિસ્થિતિમાં સહુ કોઇનું જીવનધોરણ ખૂબ જ કઢંગુ બની રહ્યું છે. પ્રશ્ન એ થાય છે કે, યુનીવર્સીટીઓ, કોલેજો અને હાઇસ્કુલોમાંથી, સુશિક્ષિત બનીને 'ડીગ્રી' નાં માન પામી ચૂકેલ આટ–આટલા કેળવાયેલાઓ કે જે દર વર્ષે એક હિન્દુસ્તાન જેવા દેશમાં પણ લાખ્ખોની સંખ્યામાં નવા તૈયાર થાય છે. આ બધા આપણા ભણેલાઓનું ભણતર ગયું કયાં? એની પૂંઠે પ્રજાએ ખરચેલો અઢળક પૈસો, આ બધાનાં પરિણામે હિંદુસ્તાનને મળ્યું શું?

કેવળ મરવાનું સૂઝતું નથી માટે જ જીવી રહેલા લાખ્ખો પોતાના દેશબાંધવોને, આ કેળવાયેલા સુધારકો, આ નવી શોધખોળો કે અખતરાઓ શું જીવાડી શકશે કે? આ પ્રશ્નો અનુત્તર જ રહેવાના. સાચો જવાબ એ છે–જે દરેકે–દરેક આસ્તિક હૃદયોમાં વસી રહ્યો છે, તે એક જ કે અહિંસા, ભ્રાતૃભાવ તેમજ સ્વાર્થત્યાગની અમીવેલ, વિનાશના આરે આવી ઉભેલા આ માનવસમુદાયને યાવત્ સમસ્ત સંસારને ઉગારી શકે તેમ છે. તોજ મૂડીવાદે ઉભા કરેલા આ મહાપાપોની રીબામણમાંથી આજની દુનીયા છૂટકારાનો શ્વાસ ખીંચી શકશે; આ સિવાય, મૂડીવાદે જન્માવેલી શોષણનીતિ; તેમજ બીજાં પણ માનવજાતની શાંતિ, આબાદી કે ઉન્નતિને ભરખી રહેલાં ચેપી રોગનાં જન્તુઓની સ્હામે તેની શક્તિને પડકારનારૂં કોઇ રામબાણ ઔષધ નથી.

શાંતિની શોધમાં ઘૂમતી અને ભૂખમરો તેમજ મોંઘવારી ને ટાળવાના સક્રિય પ્રયત્નો કરનારી આજની સુધરેલી દુનિયાને, ભારતવર્ષના મહાપુરૂષોએ ઉપદેશેલા લોક હિતના આ સનાતન સત્યોનો કડવો ઘૂંટડો ગળે ઉતરશે કે?

---

**સિલકમાં છે :** નીચેના ખંડો સિલીકમાં છે, ચાર ખંડના ચાર રૂપીઆ
પહેલા વર્ષનો ૩ જો અને ચોથો ખંડ.
બીજા વર્ષનો ૨ જો, ૩ જો અને ચોથો ખંડ.

## પુણ્યાત્માઓએ જીવનનાભોગે દાખવેલી ઉત્તમતાના થોડાક નમૂના

# ક્યાં છે આજે ?

શ્રી પ્રકર્ષ

**વિ**ના આનાકાનીએ, મારો ગુન્હો શો છે ? એમ પણ જાણવાની દરકાર કર્યા વગર પિતાશ્રીની વનવાસ જવાની કડક આજ્ઞાનો સ્વીકાર કરનાર **ક્યાં છે આજે ?** રામચંદ્રજી જેવા વિનીત **સુશીલપુત્રો** !

**રાજ**વૈભવના સુખોને ઠોકરે મારી વડીલ ભ્રાતાની સેવા ખાતર વનવાસના ઘોર દુઃખોને આનંદપૂર્વક વધાવી લેનારા **ક્યાં છે આજે ?** લક્ષ્મણજી જેવા સેવાભાવી **લઘુભ્રાતાઓ** !

**રામ**ચંદ્રજીની પાછળ જવામાં લક્ષ્મણજીને વિલંબ થતાં લક્ષ્મણજીની માતા સુમિત્રા કહે છે કે, હે લક્ષ્મણ! રામચંદ્રજી તો ક્યારનાએ ગયા, તું હજી અહીંયા કેમ છે ? જા, વડીલ ભાઇની સેવામાં જલ્દી જા. પોતાના પુત્ર વાત્સલ્યની દરકાર કર્યા વિના રામચંદ્રજી જેવા સાવકા પુત્ર ઉપર અજબ સ્નેહ ધરાવનાર **ક્યાં છે આજે ?** સુમિત્રા જેવી સાવકી **માતાઓ**

**વડી**લભાઈ રામચંદ્રજી વનવાસના ઘોર દુઃખો સહે અને હું ગાદી નસીન થઇ રાજવૈભવોના આનંદને લૂટું એ વાત મને કેમ પાલવે ? **ક્યાં છે આજે ?** આવા સ્નેહ ભર્યા હૃદયની દુઃખીત લાગણીને પ્રદર્શીત કરનારા મીઠા અને મધુર વચનો ઉચ્ચારનારા ભરતજી જેવા નિઃસ્પૃહી **ભાઇઓ** !

**મોટા** ભાઇના પત્ની શ્રી સીતાને રોજ નમસ્કાર કરનાર અને કદી પણ મુખ સામી દૃષ્ટિ નહિં ફેંકનાર **ક્યાં છે આજે ?** લક્ષ્મણજી જેવા સદાચારી **દીયરો** !

**રાવણ** જેવા રૂપવાન રાજવીને તથા તેના અખૂટ વૈભવોને માત્ર શીલના ખાતર જ તૃણ સમાન ગણનાર; નિદ્રામાં પણ રામચંદ્રજીનો જ જાપ કરનાર, **ક્યાં છે આજે ?** અડગ ધૈર્યધારી સીતાજી જેવી **સતીઓ** !

**રામ**ચંદ્રજીની આજ્ઞાથી સારથી જ્યારે ભયાનક જંગલમાં સીતાજીને છોડી દે છે ત્યારે સીતાજી સારથીને કહે છે કે, મારા તરફથી રામચંદ્રજીને એટલું કહેજો કે, લોકનિંદાને તાબે થઇ ભલે મને છોડી દીધી પરંતુ દુર્જનોની સલાહને આધીન બની જૈન ધર્મને તો કદી છોડશો નહિં. **ક્યાં છે આજે ?** દુઃખના ઉંડા ખાડામાં પટકનારા પતિના પર જરા પણ રોષ નહિં કરતાં, ધર્મનો સુંદર સંદેશ પાઠવનાર આવી **ધર્મપત્નીઓ** !

**વીર**ધવલ રાજાની જરા પણ બીક રાખ્યા વિના મુનિમહારાજનું અપમાન કરનાર રાજાના મામાને પણ કડક શીક્ષા આપનાર **ક્યાં છે આજે ?** વસ્તુપાલ જેવા **ગુરૂભક્તો** !

**રાજા** વીરધવલ જ્યારે વસ્તુપાલ અને તેજપાલને મંત્રીમુદ્રા સ્વીકારવાનું કહે છે ત્યારે તેઓ જવાબમાં જણાવે છે કે, પહેલા નંબરમાં હમારા દેવની સેવા, બીજા નંબરમાં ગુરૂમહારાજની સેવા તે પછી ત્રીજા નંબરમાં તમારી સેવા. જો આ શરત આપને કબુલ હોય તો તમારી મંત્રીમુદ્રા હમો સ્વીકારવાને તૈયાર છીએ. નહિં તો તમારા મંત્રીપદની હમારે જરૂર નથી. મંત્રીમુદ્રા કરતાં ધર્મમુદ્રાને અધિક ગણનારા **ક્યાં છે આજે ?** આવા **ધર્મ**રસીક **આત્માઓ** !

**ગીર**નારજી તીર્થ કોનું ? શ્વેતાંબરનું કે દીગંબરોનું ? આવો ઝઘડો પડતાં નિર્ણય એ આવ્યો કે, જે વધુમાં વધુ 'બોલી' બોલી ઇન્દ્રમાળ પહેરે તેમનું આ તીર્થ. ત્યારે ૫૬ ઘડી સોનું બોલી **પેથડ**કુમારે તે માળ પહેરી તીર્થનો કબજો લીધો. કહો ! **ક્યાં છે આજે ?** લક્ષ્મીની લાલસાને ઠોકરે મારી તીર્થરક્ષા કરનારા ભડવીર **તીર્થપ્રેમીઓ** !

**ભી**મો કુલડીઓ ઘીનો વેપારી છે. આખો દિવસ ઘી વેચી એકાદ રૂપીયો કમાય છે. જે કમાણી આખા કુટુંબની આજીવિકાનું સાધન છે. પોતાના ગામ જતાં રસ્તામાં ઉદાયન મંત્રી દહેરાસરનો ખરડો કરી રહ્યા છે. ભીમો કુલડીઓ ત્યાં મહામહેનતે પ્રવેશ કરે

છે, અને ઘી વેચી ઉત્પન્ન કરેલો નફો કહો અગર તો તેનું સર્વસ્વ કહો. જે કંઇ હતું તે માત્ર એક રૂપીયો જ હતો. અત્યંત હર્ષભેર ખરડામાં લખાવી પોતાનું નામ પહેલે નંબરે નોંધાવે છે. **ક્યાં છે આજે?** આજીવિકાની ચિંતા કર્યા વિના સર્વસ્વ અર્પણ કરનારા ભીમા કુલડીઆ જેવા **દાનવીરો!**

**દિવસમાં** ત્રણ વખત ઝાપટી, ઓઇઆં કરી પોતાના પેટ પર હાથ ફેરવનારા અને બીજાના ખાલી પેટની જરાપણ ચિંતા વિનાના નામધારી શ્રાવકો તો આજે ઘણા છે, પરંતુ આંતરે આંતરે ઉપવાસ કરી હંમેશ એક સાધર્મી ભાઇને જમાડવાની સુંદર પ્રતિજ્ઞાવાળા **ક્યાં છે આજે?** પુણીયા શ્રાવક જેવા **સાધર્મીકવાત્સલ્યપ્રેમીઓ!**

દુષ્કાળરૂપ સિંહના મુખમાં સપડાયેલા, માનવરૂપ મૃગલાઓને અઢળક લક્ષ્મીનો વ્યય કરી જીવીતદાન આપનાર **ક્યાં છે આજે?** જગડુશા શેઠ જેવા અભયદાનની કિંમત સમજનારા **શેઠીયાઓ!**

ધવલશેઠ જેવા અપકારી, નિર્દય, કૃતઘ્ની અને પાપિષ્ટ આત્મા ઉપર પણ ઉપકાર અને દયાનો ઝરો વહેવડાવનાર **ક્યાં છે આજે?** શ્રી સિદ્ધચક્રના સાચા મહાત્મ્યને સમજનારા શ્રીપાળકુમાર જેવા નવપદજીના **આરાધકો!**

**સારૂં** અગર બુરૂં જે કંઇ થાય છે તે પોતાના કર્મ અનુસાર જ થાય છે આવા એક અટલ જૈન સિદ્ધાંતનો અપલાપ કરનાર પોતાના પિતા પુણ્યપાલ રાજાનો જબરજસ્ત સામનો કરી વીતરાગ પરમાત્માના સિદ્ધાંતને પ્રાણના સાટે સાચવી રાખનાર **ક્યાં છે આજે?** મયણાસુંદરી જેવી નવપદનું આરાધન કરનારી **પુત્રીઓ!**

**શાલિભદ્રજીના** દર્શન માટે મગધ દેશના મહારાજા શ્રેણિક પધારે છે. ગોભદ્રમાતા પોતાના પુત્રને વધામણી આપતા કહે છે કે, બેટા! શ્રેણિક આવ્યા છે. જવાબમાં, શાલિભદ્રજી કહે છે કે, નાખો વખારમાં, અરે! આ કંઇ બજારનું કરીયાણું નથી. આ તો આપણા સૌ કોઇના માલીક મહારાજા શ્રેણિક છે. માતુશ્રીના કર્ણકટુક શબ્દો સાંભળી શાલિભદ્રજી વિચારે છે કે, હેં! શું હજુ મારા શીર ઉપર રાજસત્તા છે? ખરેખર મારી પુણ્યાઇમાં હજુ ખામી છે, બસ! મારા શીર પર કોઇપણ સત્તા ન હોય એવી સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવી છે એમ નક્કી કરી, દૈવી વૈભવોને અને દેવાંગનાના રૂપને પણ મહાત કરે એવી બત્રીશ સ્ત્રીઓનો ત્યાગ કરી, ત્રણ લોકના નાથ શ્રી મહાવીર પ્રભુના ચરણે પોતાનું જીવન સમર્પણ કરે છે. આવી શાશ્વત સ્વતંત્રતા મેળવવાની તમન્નાવાળા **ક્યાં છે આજે?** શાલિભદ્રજી જેવા સાચા **સ્વરાજ્યવાદીઓ!**

**રાજાના** ગેરવ્યાજબી હુકમથી ખંધકરૂષીજીની ખાલ (ચામડી) ઉતારવા આવેલ રાજનોકરોને ખંધકજી કહે છે કે, હે મહાનુભાવો! તપથી મારૂં શરીર એકદમ ક્ષીણ થઈ ગયું છે. મારી ચામડી ઉતારતાં તમારા હાથને મારા હાડકા આદિથી જરાપણ ઇજા ન થાય એ હેતુથી તમો કહો એવી સ્થિતિમાં હું ઉભો રહું. કહો મરણાન્તકષ્ટ સમયે પણ રાજા તથા નોકરો ઉપર જરાપણ ક્રોધ ન કરતાં પોતાના શરીરથી અન્યને નુકશાન ન થાય એવી કાળજી રાખનારા **ક્યાં છે આજે?** કૃપાનિધાન અને ક્ષમાનિધાન ખંધકજી જેવા મહાન્ **તપસ્વીઓ!**

**સીતાજી** શીલની પરીક્ષામાં પાસ થયા પછી તરત જ દોરંગી દુનિયાની ચાલબાજીને નિહાળી દીક્ષાને ગ્રહણ કરે છે. આ સમાચાર રામચંદ્રજીના કાને પહોંચે છે. સાંભળતાની સાથે જ તેઓ લાલપીળા થઈ કહે છે કે, મારી રજા સિવાય એ દીક્ષા લઇ કેમ શકે? આ સાંભળી લક્ષ્મણજી કહે છે કે, ભાઇશ્રી! આપનું બોલવું એ તદ્દન ગેરવ્યાજબી અને અન્યાય યુક્ત છે. કારણકે, જ્યારે તમોએ સીતાજી નિર્દોષ હોવા છતાં તેમને છોડી દેતાં શું તમોએ તેમને પૂછ્યું હતું? તો પછી આત્મકલ્યાણના અનન્ય સાધનરૂપ ચારિત્રને સ્વીકારતાં સ્વાર્થી સ્નેહીઓને તેઓ શા માટે પૂછે? ન્યાયપ્રિય રામચંદ્રજી સાચી વસ્તુસ્થિતિને સમજી જાય છે. કહો! **ક્યાં છે આજે?** ખાખણદાસ નહિ બનતાં સમય આવે સાચી વાત કહેનારા લક્ષ્મણજી જેવા નૈતિક **હિંમતબાજો!**

## મૂંગા પ્રાણીઓ ઉપર અખતરારૂપે અજમાવાતા અત્યાચારોનો પ્રતિઉત્તર માનવજાતને આજ નહિ તો આવતી કાલે આપવો પડશે.

# વિજ્ઞાનવાદનું કારમું કલંક

યુરોપ અને અમેરિકામાં અને ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટસમાં વિજ્ઞાની શોધખોળના બહાના હેઠળ, વીવીસેકશનને નામે બાપડાં રાંક અને માનવજાતને જરા પણ ઉપદ્રવ ન કરનારા પણ ઉલટાં તેનાં મિત્ર સમાં, અને માણસોને ઉપયોગી પ્રાણીઓ પર જે ભયંકર ક્રૂરતા વાપરવામાં આવે છે. એ બિચારાં મૂંગાં પ્રાણીઓ પર આંખો વીંચીને જે વ્હાડકાપ કરવામાં આવે છે, વિજ્ઞાનને બ્હાને બાપડાં પ્રાણીઓને છત્રીસ છત્રીસ કલાક ભૂખ્યાં રાખી તેમને જે દયાહીનતાથી રહેંસી નાંખવામાં આવે છે. એ હકીકતો એટલી બધી ભયંકર છે કે, માણસ જાતે શેતાન અને રાક્ષસોની ક્રૂરતાની કરેલી કલ્પનાઓ, આ સુધરેલા દેશોના સભ્ય જૂલ્મગારોના જૂલ્મ આગળ ઝાંખી પડે છે.

યુનાઈટેડ સ્ટેટસનાં એન્ટી વીવીસેકશન મંડળે તાજેતરમાં પોતાનો જે રીપોર્ટ બહાર પાડયો છે, તેની અંદર પશ્ચિમના એ સુધરેલા દેશમાં વિજ્ઞાનના અખતરાઓનાં બ્હાનાં હેઠળ કુતરાં, વાંદરાં, બિલાડાં ગાય, ભેંસ અને ડુક્કર જેવાં માનવજાતનાં ઉપયોગી અને મિત્ર જેવાં પ્રાણીઓ પર કેવી રીતે નસ્તરો અને છરીઓ અને તે પણ વિના કારણે ચલાવવામાં આવે છે, તેના રૂવાં ઉભા થાય એવા આંકડાઓ આપ્યા છે, અને આ વિવિસેકશન મંડળ સાથે જોડાયલા એક જાણીતા ડોકટર **વિલીયમ** હાલર્ડ રે તો જણાવે છે કે, દર વરસે એકલાં યુનાઇટેડ સ્ટેટસની અંદર ચાર લાખ કુતરાંઓ પર અખતરાઓ કરી એ બાપડાંઓની જીવન દોરી, એમની આવરદાની પહેલાં કાપી નાંખવામાં આવે છે, ખરી રીતે કહીએ તો વિજ્ઞાનને નામે આ શોધકો, એ મૂંગા પ્રાણીઓનાં કરપીણ ખૂનજ કરે છે.

યુરોપના કેટલાક દેશોમાં પ્રાણીઓ પર અખતરા કરવાની, એટલે કે વીવીસેકશન કરવાની ખાસ કાયદાઓ ઘડી સદંતર બંધી કરવામાં આવી છે, જ્યારે યુનાઇટેડ સ્ટેટસમાં એવો કશો પ્રતિબંધ નથી, અને તેથી ત્યાંની હૉસ્પિટલોમાં, ત્યાંની તબીબી તાલીમ આપનારી શાળાઓમાં કુતરાઓપર અને બીજા પ્રાણીઓપર અખતરાઓ કરવામાં આવે છે, એ બાપડાં પ્રાણીઓને બબ્બે અને ત્રણ ત્રણ દિવસ સુધી ભૂખ્યા રાખ્યા, પછી એમનાં પેટ ચીરી એમનાં આંતરડાંને સ્થાને એલ્યુમીનીઅમની પેટીઓ ગોઠવવામાં આવે છે. ચીકાગો મેડીકલ સ્કુલમાં તો એક બાપડા કમનસીબ કુતરા પર જાત જાતના અખતરાઓ કરવામાં આવે છે, આ વીવીસેકશન કરનારા રસી નાંખી પ્રાણીઓનાં શરીરમાં રોગનાં જંતુઓ દાખલ કરે છે; અને આ બધા અખતરાઓ કરતાં એ પ્રાણીઓ પર એવો તો હેવાનીયત ભર્યો વર્તાવ કરવામાં આવે છે કે, આ બધું કરનારા માનવો હશે કે કેમ ? તેની આપણને શંકા થાય.

વિજ્ઞાનને નામે પ્રાણીઓ પર વ્હાડકાપ કરનારાઓની મોટામાં મોટી દલીલ હંમેશાં એ હોય છે કે, પશુઓ પર આવા અખતરાઓ કરી તેઓ માનવ જાતને દુઃખ દર્દમાંથી બચાવે એવી દવાઓ અને રસી શોધવા માગે છે, પણ વ્યવહારમાં જણાયું છે કે, પ્રાણીઓને રોગીષ્ટ અને દુખી બનાવી મેળવવામાં આવેલી આ રસીઓ માણસ જાતનાં દર્દો દુર કરતી નથી. જે દેશમાં શીતળા કઢાવવાનું ફરજીયાત નથી ત્યાં શીતળાના કેસો ઓછા થાય છે, જ્યારે જે દેશોમાં એ રસી મૂકાવવાનું ફરજીયાત હોય છે ત્યાં એ શીતળાનો ઉપદ્રવ ટળતો નથી. વળી નિત્ય યૌવન મેળવવા માટે વાંદરાંઓની ગ્રંથી કાઢવા હિંદ અને આફ્રિકાથી વાંદરા મંગાવી, એ બિચારાં કુદરતનાં રમકડાં જેવાં મર્કટો પર પારાવાર જૂલ્મ ગૂજારવામાં આવે છે, સીનેમા ફિલ્મોમાં રોમાંચક દ્રષ્યો લાવવા કોઈ પહાડની ટોચ

પરથી ઘોડાઓને ખીણુમાં ફગાવી દેવામાં આવે છે અને કોઈ જંગલની ફિલ્મમાં તમાશબીનોને ખૂશ કરવા માટે વાઘ અને સીંહ, રીંછ અને વાઘ, અજગર અને જંગલી ભેંસ એવાં એવાં પ્રાણીઓ વચ્ચે નાહક યુદ્ધ કરાવવામાં આવે છે. અને સ્પેનમાં તમાશબીનોની મોજ માટે બાપડાં પાડાને ચ્હીડવી તેને લોહી લુહાણુ અને ઘાયલ કરી મારી નાંખવામાં આવે છે એ ઘાતકી રમત સામે તો સ્પેનના એક સમર્થ લેખક ઇબેનેઝે એક પુસ્તક લખી ( બ્લડ એન્ડ સેન્ડ ) પેલો ગોધો નહી. પણુ તેને જોવા મળેલી માનવમેદની પશુ છે એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે.

ફેશન માટે વનમાં ગાનતાન કરતાં બાપડાં સુંદર પક્ષીઓને મારવામાં આવે છે. રૂવાં માટે ઠંડા મૂલકનાં લોંકડી, રીંછ અને બીજા પ્રાણીઓનો શિકાર કરવામાં આવે છે અને આ શિવાય દુધાળાં ઢોરોની કતલ માણસ જાતને માંસ પુરૂં પાડવા માટે બેસુમાર થાય છે અને યુ. એસ. નાં ચીકાગો શહેરના કસાઇખાનાં તો દુનિયાભરમાં મોટામાં મોટા છે. જૂલ્મ કરી જે સંસ્કૃતિ પોતાને ચઢીયાતી માને તે કયાં સુધી ટકી રહે ?

મી૦ એડવર્ડ વેસ્ટરમાર્ક, પી. એચ. ડી. નામક એક જાણીતા વિદ્વાને "માણુસ જાતની નૈતિક ભાવનાનો ઉદય અને વિકાસ" નામક એક સત્તા સમાન ગણાતો ગ્રંથ લખ્યો છે, જેમાં એ જણાવે છે કે, જેને આપણે જંગલી અને પછાત માનીએ છીએ એવા આફ્રિકાના અને અમેરિકા અને ઓસ્ટ્રેલીઆના જંગલીઓ બહુ જરૂર પડે ત્યારે ખોરાક માટે પશુઓની હિંસા કરે છે. પણુ એ હિંસા કર્યા પછી એ પ્રાણીનો આત્મા નારાજ ન થાય તે માટે તેની માફી માગનારી ક્રીયા કરે છે. ઘણુા ખરા જંગલીઓ, પ્રાણીઓમાં પણુ આત્મા છે એમ માને છે અને પ્રાણીને નકામું હેરાન કરવાથી ઇશ્વર ખફા થાય એમ માને છે. વળી આ વિદ્વાન લખે છે કે, દુનિઆની ખેતી પ્રધાન જાતો દુધાળાં ઢોરની કતલ નથી કરતી અને પ્રાણીઓનો વગર કારણે જીવ લેવો એ પાપ છે એમ માને છે. વળી મી૦ વેસ્ટરમાર્ક લખે છે કે, મોરાક્કોમાં, કેનરી ટાપુઓમાં અને બીજા કેટલાક દેશોમાં પ્રાણીઓની હિંસા કરનાર કસાઇનું સમાજમાં જરા પણુ માન હોતું નથી. દક્ષીણુ હિંદમાં માછલાં મારનાર માછી તરફ એ જાણે અસ્પૃશ્ય હોય એમ વર્તવામાં આવે છે અને હીંદમાં બુદ્ધ અને જૈન અને ચીનમાં ટાઓના ધર્મમાં પ્રાણીઓને અને જીવતુજંતુઓને નહીં મારવાની તો શું પણુ હેરાન નહી કરવાની ખાસ આજ્ઞા છે. જ્યારે મધ્ય કાળમાં ખ્રીસ્તી પંથે પણુ પ્રાણીઓની હત્યાની બંધી કરી હતી અને મધ્ય કાળમાં બીલાડીઓમાં ડાકણુ કે ભૂતનો વાસ હોય છે એવા વ્હેમી લોકો ચાબખા મારી બિલાડીઓને મારી નાંખતા એ પ્રથા દુર થઇ અને ઘોડાઓની વધુ સારી માવજત લેવાતો માંડી પણુ પાછો વર્તમાન વિજ્ઞાન યુગ આવતાં અખતરાને નામે પશુઓનું વ્હાડકાપ શરૂ થયું અને તે પણુ તદ્દન દયાહીનતાથી.

પૂર્વ દેશોમાં પ્રાણીઓમાં પણુ આત્મા હોય છે એ માન્યતાથી અને પૂર્વજન્મના સિદ્ધાંતથી લોકો હિંસા કરતાં ડરે છે, જ્યારે પશ્ચિમના લોકો એવું કશું નહી માનતા હોવાથી પશુઓ પર વ્હાડકાપ કરતાં એમને જરાએ અરેરાટી થતી નથી અને માનવ કુલનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે, જે પ્રજાઓ પશુઓની હિંસામાં રાચે છે તે પછી અંદર અંદર એકબીજાની હત્યા કરે છે અને હિંસક પ્રજાઓ પોતાની જાતે દુનિઆ પરથી નષ્ટ થઇ જાય છે.

[ મુંબઇ સમાચારના સૌજન્યથી ]

**જુના અંકો :** પહેલા વર્ષનો ૧ લો અને ૨ જો ત્રિમાસિક ખંડ તેમજ બીજા વર્ષનો પહેલો ખંડ જેઓ અમને મોકલી આપશે તેઓને લવાજમના હિસાબે વળતર આપવામાં આવશે.

# પ્રભુ મહાવીરના સમયમાં દિગંત વ્યાપી જૈનધર્મ

## પૂ૦ આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

પ્રાચીન ઇતિહાસ અને જૈનાગમોના પાઠો જોતાં વિદ્વાનોને એ નિશ્ચિત થઈ ચૂકયું છે કે, પ્રભુ મહાવીર પરમાત્માએ પોતાના પાદ–કમળોથી બંગાળની ભૂમિને પવિત્ર બનાવી હતી, પોતાની અતિશયમયી અમૃત–સહોદર વાણી દ્વારાએ, આજ ક્ષેત્રની જનતાને જૈન ધર્મનાં અણમોલાં રહસ્યો સમજાવી, જૈનધર્મની પરમ ઉપાસક બનાવી હતી. વિકાસની ટોચે પહોંચેલા પ્રભુના જ્ઞાનયોગે હજારો વ્યક્તિઓને ત્યાગી બનાવી. પ્રભુ મહાવીરસ્વામીના શાસન સ્થાપન સમયે અને સ્થાપન બાદ પ્રભુ શાસનમાં બીજા છ પંથો ચાલતા હતા, તેમાં બૌદ્ધના ધર્માનુયાયીઓનો પણ સમાવેશ થાય છે. બુદ્ધધર્મની પ્રભા તરુણ હતી ત્યારે પ્રભુ મહાવીરનો જન્મ થયો હતો. બુદ્ધની ઉંમર સાઠ વર્ષની હતી ત્યારે પ્રભુએ દીક્ષા ગ્રહણ કરી હતી. બુદ્ધનો જ્યારે કાલધર્મ થયો ત્યારે પ્રભુ સત્ય તત્ત્વો સમજાવી જનવર્ગને આત્મવિકાસના પંથમાં યોજી રહ્યા હતા. લાખ્ખો માનવોને ટુંક સમયમાં જ પ્રભુએ જ્ઞાનપ્રભાના પરિબળે જૈનધર્મમાં સુસ્થિર કર્યાં હતા. બુદ્ધના કાળ કર્યાં પછી ચૌદ વર્ષે પ્રભુ નિર્વાણ પામ્યા હતા. પ્રભુનાં ચાતુર્માસો બંગાળની તરફ જ થએલાં છે. જનતાએ પણ સૌભાગ્ય માની પ્રભુનો ઉપદેશ વધાવી લીધો હતો. પ્રભુનાં ચોમાસાનાં ક્ષેત્રોની યાદી; અસ્થિગ્રામ, ચંપાનગરી, વૈશાલી, વાણિજ્યગ્રામ, રાજગ્રહી, ભદ્રીકા, આલંબીકા, સાવત્થી, વજ્રભૂમિ, અપાપાનગરી, આ ક્ષેત્રો પ્રભુનાં ચોમાસાનાં હતાં. બેંતાલીસ ચોમાસાં ઉક્તક્ષેત્રોમાં પ્રભુનાં થયાં છે. ઉક્ત ચાતુર્માસોની યાદીના ક્ષેત્રોથી એ સાબીત થાય છે કે, પ્રભુ મગધ તરફ જ વધુ વિચર્યા છે અને જૈન ધર્મનું વર્ચસ્વ મજબૂત કર્યું. કેવળી થયા બાદ રાજવી તરીકેનો પહેલો સાથ રાજા શ્રેણિકનો મળ્યો હતો. પ્રભુ પ્રત્યે શ્રેણિક રાજાનો અચલ સ્નેહ અને શ્રદ્ધાબળે રાજગૃહી પ્રભુધર્મ પ્રચારનું કેન્દ્રસ્થાન બન્યું હતું. ધીરે ધીરે પ્રભુના પ્રતાપે આ પ્રદેશમાં ક્રોડો જૈનો બન્યા; તેમાં અનેક રાજવીઓ સંપ્રતિ, મહારાજા વિક્રમાદિત્ય, મહારાજા કુમારપાલ આદિ રાજાઓના રાજ્ય–કાળમાંય જૈનધર્મ પુષ્ટાંગ બની ફુલ્યો, ફાલ્યો હતો. તે તે કાલના રાજવીઓના ધર્મોપદેશક ધર્મગુરુઓ પણ જબ્બર પ્રભાવક અને જ્ઞાન ભાનુસમા થઇ ગયા. ઉક્ત રાજવીગણે સ્વ અને ઉભયના દેશોમાં જૈનધર્મનો ડંકો વગાડયો. અહિંસાના મધુરા નાદો ગુંજાવ્યા. અનેક આત્માઓને ધર્મના માર્ગમાં સુસ્થિત બનાવ્યા. અખિલ ભારતભૂમિ જૈન મંદિરોથી લગભગ મંડિત બની ચૂકી હતી. અન્ય મિથ્યાદર્શનિકોના પરિતાપો પણ આ સમાજે ઠંડા કલેજે સાંખ્યા પણ સત્તા અને પ્રેમ આ ઉભયના મેળે બધુંય સમાવી દીધું હતું. આ સમયોમાં જેમ અન્ય દર્શનિકોના હુમલાઓ હતા તેમ પારસ્પરિક ગચ્છ ભાગો (ભેદો) પણ હતા. મંતવ્યભેદોનાં 'મંડાણો પણ હતાં. છતાંએ શાસનપ્રભાવક આચાર્યોએ એ બધું અવગણીને માત્ર કલ્યાણવાંચ્છુ બનીને શાસન પ્રભાવના સુપ્રવાહો વહેવરાવી દીધા. ગુરુદેવ હેમચંદ્રાચાર્ય ભગવાનના અનન્ય ઉપાસક કુમારપાળ મહારાજાનો રાજ્યકાળ જૈન ધર્મીઓનું એક સામ્રાજ્ય તંત્ર હતો પણ તે સૂર્યોના અસ્ત થતાં જ એ જ રાજવીની ગાદીનો માલીક અજયપાલ તેજ મહારાજાની કીર્તિને કલંકિત કરવામાં સ્વકર્તવ્ય સમજ્યો. વિધર્મીઓનું શસ્ત્ર બન્યો અને હજારો જૈનમંદિરો અને જૈન ધર્મીઓને એ નરાધમ રાજવીએ નામોશી લગાડી. ચૂસ્ત જૈનધર્મી મહામાત્ય આમ્ર જેવાઓએ પણ ધર્મ માટે જ આ પાપીના હાથે પ્રાણ ખોયા. હાહાકારનો વિષમપવન ચારે દિશામાં વાયો, બાદ કાંઇક સાન ઠેકાણે આવતાં અજયપાલ સમજ્યો હતો ! આજે કુમારપાલ જેવા રાજવીઓની સત્તા આપણી પાસે નથી. છતાંય તેઓએ કમ્મર કસીને સર્જેલી અહિંસાની વજ્ર દિવાલો જરૂર રહીજ ગઈ છે. પર્યૂષણપર્વમાં તેમજ જૈનોના અન્ય પર્વોમાં

આ પ્રદેશની જૈનેતર (અજૈન) જનતા પણ હિંસા આદિ આરંભ કાર્યો સ્વેચ્છાથી બંધ રાખે છે. અરે કેટલાક વર્ષ પહેલાં તો પાટણની આજુબાજુના ગ્રામોમાં દાતણ પણ આખાં વેચવામાં પાપ મનાતું! મારવાડ, મેવાડ, ગૂજરાત, કેટલોક દક્ષિણ વિભાગ આ બધા પ્રદેશોમાં જીવ-દયાના આછા પણ જે પડછંદા દેખાઈ આવે છે તે સઘળોય યશ રાજવી કુમારપાલને વરે છે.

જે કાળમાં રાજવીઓ જૈન ધર્મના પાલક હતા, પ્રજા પણ જૈનધર્મના રહસ્યોમાં તળબોળ બનેલી હતી. રોજને રોજ નવા નવા મંદિરોની પ્રાણપ્રતિષ્ઠાઓ થતી હતી. નવા નવા જૈનો પણ બની રહ્યા હતા. અન્યમતિઓના વિદ્વાનોની સાથે ધાર્મિક શાસ્ત્રાર્થોના જંગોમાં જૈન ધર્મના વિજયધ્વજો ફરકતા હતા. અન્ય દર્શનોના ખંડનમય તર્કશાલી નવ્યકલાએ નવીન ગ્રંથોના સર્જનો થતાં હતાં. ક્રોડો રૂપૈયા જૈન સમાજના ઉદ્ધારમાં પ્રતિવર્ષ સમાજમાં વ્યય થતા હતા. અહાહા...એ સમય કેવો આદર્શ અને ઉત્સાહ પ્રેરક અને વર્ધક હશે! એ તો તે કાલવર્તીઓ જ ધર્મની પ્રસંશા કરતા. અને અવસરે ધન લાલસાથી રાજાઓની ધર્મક્રિયાઓ આચરતા.

ઉક્ત રાજવીઓએ પ્રભુને જીવનના સાથી તરીકે પ્રાણાધાર માન્યા હતા. પ્રભુએ આ રાજવીઓની નગરીઓને પાદકમલથી જ્યારે જ્યારે પાવન કરી ત્યારે ત્યારે ઉક્ત રાજવીઓએ સુંદર સ્વાગતો કરીને વંદન કર્યું હતું. પ્રભુના ઉપદેશને અનુસરી, આત્મકલ્યાણને સાધવાની તક સાધી હતી. કેટલાક રાજવીઓ સુદૃઢ વ્રતાચારી પણ થયા હતા. પ્રત્યેક રાજાઓમાં રાજા શ્રેણિક પ્રભુના ઉચ્ચ અને આદર્શ ભક્ત ગણાતા હતા. જૈન સાધુ સંસ્થા પણ પ્રભુના વૈરાગ્ય, અધ્યાત્મ અને આત્મિકજ્ઞાન દર્શક ઉપદેશે ઉંચી સંખ્યામાં પહોંચી હતી. જેમાં કેવળીઓ, મનઃપર્યવજ્ઞાનીઓ, અવધિજ્ઞાનીઓ, અને પૂર્વધરો, તેમજ અનેક લબ્ધિધરો હતા. આજથી પચ્ચીસો (૨૫૦૦) વર્ષ પહેલાં પ્રભુ ધર્મનો પાયો વજ્ર જેવો રોપાયો હતો. જેના પ્રતાપે વામપંથી આદિ દર્શનિકોના હજારો હુમલાઓ, આક્રમણો થયાં છતાંય હતઃપ્રહત ન થતાં નક્કરનો નક્કર અકમ્પ રહ્યો અને હજીય ૧૮૫૦૦ વર્ષ રહેશે.

જૈનધર્મના ચૂસ્ત ઉપાસક રાજવીઓ અને અન્ય માનવોની સંખ્યાએ જૈન ધર્મને અત્યંત દીપાવ્યો, અને વિસ્તાર્યો હતો, પ્રભુ મહાવીરના નિર્વાણ બાદ પણ પ્રભુની પાટ પરંપરાના દીપકોએ પણ જૈન-ધર્મને મહામોલા નિધાનની તુલ્ય રક્ષ્યો, અને પોતાના દિવ્ય અતિશયો દ્વારા અનેક રાજવીઓને પણ ધર્મ-પાલક બનાવ્યા હતા. મહારાજાનો પણ સાથ મળ્યો હતો. પ્રભુ ઉપદેશના રંગે અનેક રાજવીઓએ પણ ધર્મ પ્રચારના મહત્વના કાર્યને ટેકો આપ્યો અને જૈન-ધર્મ વિશ્વવ્યાપક થઇ ગયો હતો. પ્રભુ ધર્મના પ્રચારક અને અનન્ય ઉપાસક રાજવીઓની યાદી; (૧) રાજ્યગૃહીના રાજા શ્રેણિક (૨) ચાંપાનગરીનો રાજા અને શ્રેણિકનો પુત્ર અશોકચંદ્ર જેમનું પ્રસિદ્ધ નામ કોણિક હતું (૩) વૈશાલીના રાજા ચેટક (૪ થી૨૧) કાશી દેશના નવમલ્લીક જાતીના રાજા તથા કોશલ દેશના નવલિચ્છિવી જાતિના રાજા (૨૨) અમલકલ્પા નગરીના શ્વેત નામના રાજા (૨૩) વીતભયપટનના ઉદાયન રાજા (૨૪) કોશાંબિક નગરીના વત્સ રાજા (૨૫) ક્ષત્રિયકુંડગ્રામ નગરના રાજા નંદિવર્ધન (૨૬) ઉજ્જૈનીના ચંડપ્રદ્યોત રાજા (૨૭) હિમાલય પર્વતની ઉત્તર તરફ પૃષ્ઠચંપાના રાજા શાલિ અને મહાશાલ નામના બે ભાઇ (૨૮) પુલાસપુરના વિજય નામના રાજા (૨૯) પ્રતિષ્ઠાનપુરના પ્રસન્નચંદ્ર રાજા (૩૦) હસ્તિશીર્ષ નગરના આદિનશત્રુ રાજા (૩૧) રૂષભપુરના ધનાવહ નામના રાજા (૩૨) વીરપુર નગરના વીરકૃષ્ણમિત્ર નામના રાજા (૩૩) વિજયપુરના વાસવદત્ત રાજા (૩૪) સૌગંધિક નગરીના અપ્રતિહત રાજા (૩૫) કનકપુરના પ્રિયચંદ્ર રાજા (૩૬) મહાપુરના બળરાજા (૩૭) ચંપાના દત્ત રાજા (૩૮ સાકેતપુરના મિત્રનંદી રાજા ઉપરાંત અન્ય અનેક રાજાઓએ જૈનધર્મ સ્વીકાર્યો હતો.

મહાવીર ભગવાનનું ધર્મ વર્ચસ્વ સઘળાય સુજ્ઞ રાજવીઓએ એવું તો દૃઢ અને ન્યાય્ય બનાવ્યું હતું

કે, અન્ય મિથ્યામતિઓનું કંઈ પણ ચાલી શકતું નહિ તેમજ મિથ્યામતિઓ હૃદયથી ન્યારા હોવાં છતાંય સત્તાના પરિબળે પણ ઉપરથી જૈન સમજ્યા હશે. પરંતુ આજેય એ અમર સ્મૃતિઓ તે સમયના સર્જીત-ગ્રંથો પોકારે છે, વાચકોનાં હૈયાંને ડોલાવે છે.

ઉદય પછી અસ્ત એ સાહજિક છે, તેજ પ્રમાણે ઉન્નતિની પાછળ અવનતિ પણ ચક્રગત ફેરફાર થવાનો જ. આજના યુગનો વિચાર કરતાં કોને અફ્સોસ નહિ થાય? સમાજ અંગને પ્રાયઃ ઘણા સ્થળોમાં સડો પ્રસર્યો છે. સમાજનું કલેવર ક્ષીણ બનતું જાય છે. ઐક્યની ઉમદા ઉર્મિઓ શમતી જાય છે. અંતઃકરણની ઈર્ષા અંગે હૃદયોને કલુષિત કરી મૂક્યાં છે. પુણ્યશાળીઓની પુણ્ય પ્રભાને સહેવાનું બળ પણ ભુંસાતું ગયું છે. વિઘ્નસંતોષી અને હિત-દ્વેષીઓનાં ટોળાં જ્યાં ત્યાં ધર્મવિરોધ ઉભો કરી વિઘ્નો નાખતાં જાય છે. કાર્યના ક્ષેત્રો વધ્યાં પણ કાર્યકરોની અલ્પતા અને સંકુચિત મતિએ થોડામાં ઇતિશ્રી માની લીધી છે.

જે ક્ષેત્ર સીદાતું હોય તે પોષવાની અનિવાર્ય આવશ્યકતા જૈન સમાજનાં પ્રત્યેક ક્ષેત્રો થોડે વત્તે સીદાતાં જ છે. એમ ચોમાસામાં સંઘો પર આવતી માંગ, ટપાલ પુરવાર કરે છે. હરેક ક્ષેત્રોમાં ટોટો જ દેખાય છે. પણ સમૃદ્ધ કોઇપણ ક્ષેત્ર એમ નથી જણાવતું કે, જોઇએ તેઓ અહીંથી જ મંગાવજો. એવી નોંધ આજ સુધી નથી મળી. જૈન સમાજના દ્રવ્યવ્યયનો હિસાબ કાઢતાં એક લેખકે જણાવ્યું હતું કે, " શ્વે. જૈનોને પ્રભુ મંદિરોની પૂજાના ખાતે સાત ક્રોડ વાર્ષિક વ્યય થાય છે. તો અન્ય કાર્યોમાં કેટલો થતો હશે? એ સમજી શકશો. " વ્યય તો અઢળક થાય છે પણ કોઇ ખાતું પુષ્ટાંગ કે સમૃદ્ધ કેમ ન બન્યું? તેમજ કેટલાંક સ્થળોમાં પ્રભુપૂજન માટે કેશર પણ નથી મળતું! એક ચૈત્ય વ્યવસ્થા કારક સમિતિની જરૂર છે. અને હિન્દ ભરમાં જ્યાં જ્યાં મંદિરઆશાતના નિવારણ કાર્ય હોય તે સંભાળી લ્યે. તોએ અશક્ય નથીજ! આ ઠીક છે આ ઠીક નથી એમ બોલવા માત્રનો પ્રયોગ તો સન્નિપાતની ચેષ્ટા જ છે. કંઇક કરી બતાવવું જોઇએ.

---

## કારકુનો ઉત્પન્ન કરવાનું કારખાનું!

આજે હિન્દુસ્તાનમાં અનેક યુનીવર્સીટીઓ હસ્તી ધરાવે છે. ખુદ મુંબઇ પ્રાંતને તેની યુનીવર્સીટી છે. આ સંસ્થાઓમાંથી દરેક વર્ષે હજારો વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટના બીલ્લા સાથે બહાર પડે છે. છેલ્લા વર્ષોમાં તો એ સંખ્યા એટલી બધી વધી ગઇ હતી કે, હજારો શિક્ષિત યુવાનો નોકરી વગરના બેકાર બની બેઠા હતા. સંજોગવશાત હાલના સંજોગોએ એ બેકારોને કામ-ચલાઉ રાહત આપી છે.

હિન્દુસ્તાનમાં અંગ્રેજી કેળવણી દાખલ કરનાર મેકોલેએ અંગ્રેજોના રાજ્યમાં કારકુનોની ખોટ પુરવા ઉભા કરેલા કેળવણીના યંત્રમાં દાખલ થઈ ગ્રેજ્યુએટનો બીલ્લો મેળવનાર યુવક આખરે નોકરી સિવાય બીજું કાંઇ પસંદ કરતો નથી. એ વિદ્યાએ તેના અજ્ઞાનનો પડદો ભેદયો નથી. તેને સ્વતંત્ર બનાવ્યો નથી.

શ્રી શાંતિલાલ મહેતા.

યુરોપમાં એવી રૂઢી પ્રચલિત છે કે, લગ્ન વખતે મહિયર છોડી સાસરે જતી કન્યા રડે, તે અશ્રુથી ભિંજાયલો રૂમાલ એ સાચવી રાખે. એ જીવનના સુખદ સ્મરણને અંતે તેની કબ્રમાં એની સાથે દાટવામાં આવે છે.

પરમાણુ બોંબમાં વપરાતા એક ચાના પ્યાલા જેટલા પારાના અણુઓ, ૧૨૦ ભારખાનાના ડબ્બા અને એન્જીનને એક લાખ માઈલ ખેંચી જાય તેટલી શક્તિ અને ગરમી ધરાવે છે.

યુદ્ધ દરમિયાન નાત્સીઓ 'સૂર્ય-તોપ' નામના એવા એક શસ્ત્રની શોધ કરતા હતા, જે આપણા ગ્રહથી ૧૪૦ માઈલ ઉંચે આકાશમાં બાંધેલા મંચ પર ગોઠવી પૃથ્વીના ગમે તે પ્રદેશનો વિનાશ કરી શકાય, આ તોપ સુરજના કિરણોદ્વારા છોડી શકાય.

અમેરીકાની નટીઓ અને શ્રીમંત કન્યાઓ વર્ષ દહાડે બબ્બે પતિઓની સરેરાસ પડે, તે ધોરણે લગ્નવિચ્છેદ કરે છે! લગ્ન સંબંધ બાંધતાં જેટલી મિનિટો ખર્ચાય તે કરતાં લગ્નગ્રંથી તોડતાં તેમને ઓછો સમય લાગે છે, ચાર મિનિટમાં તેઓ છુટા-છેડા મેળવી શકે છે! [ કમનસીબી ]

અમેરિકાના સંયુક્ત સંસ્થાનોનાં તમામ સાર્વજનિક વાચનાલયોમાં દસ કરોડ કરતાંએ વધુ પુસ્તકો છે. ન્યુયોર્ક શહેરનું વાચનાલય સહુથી મોટું છે. તેમાં કુલ ૪૦ લાખ પુસ્તકો છે.

મૂર્તિપૂજાના વિરોધી આર્યસમાજને સ્થાપનાર દયાનંદ સરસ્વતિનું મૂળનામ મુળશંકર. સને ૧૮૯૧ માં, ૩૯૯૫૨ અને તે વધીને ૧૯૩૧ માં, ૯૯૦૨૨૩ આર્યસામાજિષ્ટો થયા. આર્યસમાજની ચળવળ દયાનંદ સરસ્વતિએ સને ૧૮૭૫ માં શરૂ કરી.

ઘીનો ઉદ્યોગ એ હિંદનો મોટામાં મોટો ગૃહઉદ્યોગ છે. એમાં એક અબજ રૂપીયાને ખરચે દર વરસે ૨૩,૦૦૦,૦૦૦ મણ ઘી ઉત્પન્ન થાય છે.

અમેરિકાએ અણુબોમ્બ કરતાં પણ વધુ વિનાશક જન્તુવર્ષાશસ્ત્ર તૈયાર કર્યું છે. વિમાનમાંથી શસ્ત્રદ્વારા ચેપી જંતુઓને ફેંકવામાં આવે અને તેની અસરથી શહેરના તમામ જીવ જંતુઓ, પ્રાણીઓ અને મનુષ્યનો નાશ થાય છે.

હવામાં ઉંચે ઉડી શકે અને જમીન ઉપર પણ એ મોટર ચાલી શકે તેવી મોટર તૈયાર થઈ ગઇ છે.

બેંગ્લોરની વૈજ્ઞાનિક ઈન્સ્ટીટયુટમાં કરવામાં આવેલા અખતરામાં શીંગદાણામાંથી દુધ બનાવવામાં સફળતા મળી છે. શીંગદાણાને પાણીમાં પલાળી તેના કોંટા કુટવા દેવામાં આવે છે અને તે પછી તેમાંથી દુધ બનાવવામાં આવે છે. એક શેર દાણામાંથી પાંચ શેર દુધ બને છે.

યુદ્ધબાદ અમેરિકાનાં બજારોમાં સંખ્યાબંધ ઘર ઉપયોગી યંત્રો રજુ થવા લાગ્યાં છે. આમાંનું એક વિજળીથી કચરાનો નિકાલ કરવાનું છે. રસોડાનો કચરો આ યંત્રના ટબમાં નાંખવામાં આવતાં યંત્રમાં તે વટાઇને ભૂકો બની જાય છે. અને પાણી સાથે ભેળવાઈ રગડો બને છે, જે ગટરમાં છોડવામાં આવે છે.

અમેરિકાના મી. ડી. બોલે નામના એક ખેતિ-વિજ્ઞાનના નિષ્ણાતે ગયા નવેમ્બરમાં જાહેર કર્યું હતું કે, તેના માનવા મુજબ અમેરિકન આર્ટીચોક (સૂર્યમૂળ) માંથી ઇલેકટ્રોનિક્ની મદદવડે ખાંડ બનાવી શકાય. આ ખાંડ ફ્રુક્ટોઝ જેવી હોઇ તેને તેણે **લેવુલોસ** નામ આપ્યું હતું. શેરડીની ખાંડ કરતાં પણ ગળપણમાં અધીક છે.

સને ૧૯૪૪ ના જુન પહેલાં મુંબઈના કતલખાનામાં રોજની લગભગ ૫૮ ભેંસો કતલ થતી. એક વર્ષમાં એનો સરવાળો ૧૭૦૦૦ થી ૨૦૦૦૦ સુધી પહોંચી જતો.

પીનીશીલનની જ્યારે શોધ થઈ ત્યારે પહેલું એક ગ્રામ બનાવવાનું ખર્ચ ૧૮૦૦૦ રૂા. થયેલું.

વડોદરા રાજ્યના એક ગામડામાં એક પચાસ વર્ષની સ્ત્રી છે કે જેણે આઠ વર્ષથી અન્ન-જળ કાંઈપણ લીધું નથી.

પહેલું વહેલું પુસ્તક ૮૮૭ ની સાલમાં પેરાગ્વેસમ નામના દેશમાં પ્રગટ થયું હતું.

લોટ દળવા, ચોખા કે અનાજ છડવા, ચાળવાની શાક છોલવાની, છીણવાની, વાટવાની, વીણવાની ક્રિયાઓ વિદ્યુતશક્તિથી સંચાલિત નાના નાના યંત્રોવડે થઇ શકશે. અમેરિકામાં હાલતો અખતરા થઈ રહ્યા છે.

સ્કોટલેન્ડમાં ફાઇફશાયરમાં જોન હેનસી નામનો માણસ ૨૨ વર્ષથી આંધળો થયો હતો. તાજેતરમાં બત્તીના થાંભલે અથડાતાં બીજે દિવસે સવારે તેની દૃષ્ટિ ફરી પ્રાપ્ત થઇ ગઇ હતી. આ માણસ એથી હેબતાઈ ગયો હોવાથી અઠવાડિયા સુધી પથારીમાં પડી રહ્યો હતો.

# દ્રવ્યગુણપર્યાયનો રાસ:

પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ.

અનંત જ્ઞાનીઓના શાસનની અમૃતક્રિયાઓનો ઉચ્છેદ કરનારા શુષ્ક અધ્યાત્મવાદીઓ એમ કહે છે કે, દેવપૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ શુભક્રિયાઓથી શુભરાગ ઉત્પન્ન થાય છે અને એ શુભરાગ આત્મગુણોને પ્રગટ કરવામાં લેશમાત્ર પણ સહાયક નથી; જોકે શુભરાગ એ અશુભરાગને રોકે છે. તોપણ તે આત્માના શુદ્ધ સ્વરૂપને પેદા કરી શકતો નથી. અશુભરાગ જેમ આત્માને નુકશાન કરનાર છે તેમ શુભરાગ પણ આત્માને માટે ઝેર સ્વરૂપ છે. આત્મામાં અશુભરાગ અને શુભરાગ જ્યાં સુધી બેઠા છે ત્યાંસુધી જેમ અશુભરાગ એ આત્માના શુદ્ધસ્વરૂપમાં લેશમાત્ર પણ સહાયક નથી. પણ ઉપરથી નુકશાન કરે છે તેમ શુભરાગ પણ આત્માના શુદ્ધસ્વરૂપને પ્રગટ કરવામાં લેશમાત્ર પણ સહાયક નથી. જે લોકો એમ માને છે કે, દેવ, ગુરૂ અને ધર્મ ઉપરનો રાગ એ આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો પ્રગટ કરવામાં કારણરૂપે કે પ્રયોજકરૂપે છે તે લોકો મહામિથ્યાત્વી છે અને આત્માના સદ્ચિદાનંદ સ્વરૂપનું ખૂન કરનારા છે. જે લોકો શુભરાગમાં જોડાવા દેવગુરૂનું અવલંબન લે છે તે લોકોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે, દેવ, ગુરૂ એ પરચીજ છે અને પરચીજના અવલંબનથી આત્માનું સ્વરૂપ પ્રગટે એવું માનવું એના જેવું ભયંકર મિથ્યાત્વ બીજું કોઇ નથી.

ઉપરોક્ત મતવાળાની બીજી પણ કેટલીક માન્યતા વીતરાગના શાસનથી વિપરીત છે. પણ હાલતો આપણે તેમની એક એક માન્યતાને પકડીને એના ઉપર જ વિચારણા કરશું કે, જેથી સત્યપિપાસુ જીવોને એમ ખ્યાલમાં આવે કે, આ મતની માન્યતા કેટલી ઉન્માર્ગપોષક છે. ઉપર જે વાત અમે ટાંકી છે એ જ વાતની માન્યતાવાળા સોનગઢવાસી કાનજી સ્વામીનો મત છે કે, જે વીતરાગના શાસનની અમૃતમય ક્રિયાઓનો મુક્તિમાર્ગની કારણતામાં વિરોધ કરી એકાંશી અને એકદેશીય પ્રભુશાસનની માન્યતાને સર્વાંશી અને સર્વદેશીય તરીકે ઓળખાવે છે અને ભદ્રિક જીવોના ભાવપ્રાણને લૂંટી રહ્યા છે. ઉપર જે વાત અમે રજુ કરી છે તે જ વાતના ભાવાર્થને **સમયસાર**ના ઉપર થએલ પોતાના પ્રવચનમાં તેઓશ્રી જણાવે છે, જે આપણે અક્ષરશઃ જોઇએ.

"અશુભથી બચવા શુભરાગનાં નિમિત્તો દેવ, ગુરૂ, શાસ્ત્ર વિગેરે ઘણાં છે; પણ તે બધાં પરચીજ છે, અને પરચીજનું અવલંબન તે રાગ છે. પરચીજ અને તેનો રાગ રાખું, શુભરાગનું અવલંબન લઉં તો ગુણ ઉઘડે એમ શુભભાવથી કે નિમિત્તથી ગુણ માનનાર સ્વતંત્ર સત્ સ્વભાવનું ખૂન કરનાર છે. [સમયસારશાસ્ત્ર; બાવનમું પ્રવચન પાનું ૧૧૮ મું]

કાનજીસ્વામી આત્માના ત્રણ સ્વરૂપ બતાવે છે; તેમાં પેલું શુદ્ધસ્વરૂપ, બીજું શુભરાગમયસ્વરૂપ અને ત્રીજું અશુભરાગમય સ્વરૂપ. પેલું સ્વરૂપ ઉપાદેય છે અને પછીનાં બે એકાંતે અને સર્વ દશામાં હેય છે. કેમકે પેલું સ્વરૂપ એ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ છે અને પછીનાં બે સ્વરૂપો રાગાદિજન્ય હોવાથી વૈભાવિક સ્વરૂપો છે. અહિં એટલું ધ્યાનમાં રાખવું કે, પિતા, પુત્ર, કલત્ર આદિ પરિવાર ઉપરનો રાગ તે અશુભરાગ છે અને ત્રણ જગતના નિષ્કારણ ઉપકારી એવા દેવાધિદેવ પ્રત્યેનો રાગ તેમજ મહાવ્રતધારી મુનિવરો કે મહાવ્રત આદિ ધર્મ ઉપરનો રાગ તે શુભરાગ છે.

તેઓશ્રીની માન્યતા શાસ્ત્ર અને યુક્તિથી કેટલી અસંગત છે તે આપણે વિચારીએ.

ઉપરની વાતનું સમર્થન કરનાર કાનજીસ્વામી તો શું પણ જે કોઇ મત, પંથ કે વાડો હોય તે જૈન શાસનના પરમ પવિત્ર એવા ગણધર દેવોની વાણીસ્વરૂપ આગમો ઉપર પગ મૂકી પોતાની સ્વચ્છંદી માન્યતા પ્રવર્તાવનાર છે. જૈનશાસનના પરમ પવિત્ર એવા ભગવતી સૂત્રના આઠમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં

ભગવાન્ ગૌતમસ્વામીજી મહારાજ ભગવાન્ મહાવીર મહારાજાને પૂછે છે કે, ભગવન્! **समणोवासगस्स णं भंते तहारुवं समणं वा माहणं वा फासु एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जति ?** ભગવાન્ સ્વમુખે જવાબ આપે છે કે, **गोयमा ! एगंतसो निज्जरा कज्जइ नत्थीय से पापे कम्मे कज्जति**

**ભાવાર્થ**–ભગવન્! સુવીહિત સાધુને ફાસુ અને કલ્પ્ય એવાં અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય વહોરાવનારને શું લાભ થાય?

ભગવાન સ્વમુખે ફરમાવે છે કે, ગૌતમ! એકાંતે નિર્જરા થાય પણ તેને પાપકર્મ ન લાગે. અહીં ભગવન્ પુણ્યબંધ નહિ ફરમાવતાં કર્મ નિર્જરા ફરમાવે છે એથી સિદ્ધ થાય છે કે, શુભ રાગથી એકાંતે શુભકર્મનો બંધજ થાય એવું નથી; પણ અશુભ કર્મની નિર્જરા પણ થઈ શકે છે.

શુભરાગ એ મુક્તિની પ્રાપ્તિમાં કે આત્માના ગુણો પ્રગટ કરવામાં લેશમાત્ર પણ સહાયક ન હોય તો જ્ઞાનીઓએ ઠામ ઠામ અશુભ કે અશુભરાગથી પેદા થએલ એવાં અશુભકર્મને, ઉચ્છેદ કરવાનું ફરમાવ્યું ન હોય. અનંત કાળથી અર્થથી અને શબ્દથી શાશ્વતરૂપે વિદ્યમાન એવા નમસ્કાર મહામંત્રમાં પણ **सव्वपावप्पणासणो** એમ કહેલ છે પણ **सव्वकम्मप्पणासणो सव्वशुभाशुभप्पणासणो** એમ કહેલ નથી. અર્થાત્ નમસ્કાર મહામંત્ર એ સઘળાં પાપનો નાશ કરનાર છે એમ સુચવી સર્વ અશુભનો ઉચ્છેદ કરવાનું કહ્યું છે; પણ શુભાશુભ ઉભયને ઉચ્છેદ કરવાનું કહ્યું નથી. જૈનશાસનનો સિદ્ધાંત છે કે, શુભ રાગ આત્મામાં ત્યાંસુધીજ રહે છે કે, જ્યાંસુધી અશુભ રાગનો અંશ પણ બેઠો હોય. જ્યારે અશુભરાગ સર્વ અંશે ચાલ્યો જાય છે ત્યારે શુભરાગને કાઢવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. મળ કાઢવા માટે એરંડીઉં પીનારને મળશુદ્ધિ થયા પછી એરંડીઉં કાઢવા માટે શું નવું એરંડીઉં લેવું પડે છે ખરૂં કે? જેમ ત્યાં એરંડીયાને કાઢવા બીજું એરંડીઉં લેવું પડતું નથી, તેમ અહીં શુભરાગને કાઢવા, નવા શુભરાગની જરૂર નથી; પણ આત્મા પોતાના સ્વરૂપની વિચારણા કરતો થકો પોતાનો શુભરાગ એની મેળાએજ પલાયન કરે છે. દૃષ્ટાંત દ્રાષ્ટાંતિકની યોજનામાં અહીં પેટનો મળ આત્માના અશુભ રાગના સ્થાને છે. પેટમાં રહેલ એરંડીઉં એ આત્માના શુભરાગને સ્થાને છે અને સંપૂર્ણ મળશુદ્ધિ એ આત્માના શુદ્ધ સ્વરૂપના સ્થાને છે. વીતરાગના શાસનમાં પુણ્યનો નાશ કરવા માટે અમુક ચિંતવન કરવું કે અમુક ધર્મ કરવો એવું વિધાન કોઇ ઠેકાણે નથી પણ **पावाणं कम्माणं निग्घायणट्ठाए** જેવાં વિધાનો તો ઠામ ઠામ મળી આવે છે.

વિશેષમાં, સોનગઢવાસી કાનજીસ્વામીજી જે સમયસારનું વાંચન કરી, શુભરાગ પણ પરચીજ છે એમ કહી અને મુક્તિમાં અકારણ તરીકે ઓળખાવે છે. એ સમયસારના કર્તા સમર્થ વિદ્વાન દિગંબરાચાર્ય શ્રીમાન્ કુંદકુંદાચાર્ય છે. તેઓએ સમયસાર નામના પોતાના બનાવેલા ગ્રંથમાં શુદ્ધનયની માન્યતાનું પ્રતિપાદન કર્યું છે. જૈનશાસનનો એ નિયમ છે કે, એક નયનું નિરૂપણ ચાલતું હોય ત્યારે બીજા નયોની બિલ્કુલ ઉપેક્ષા કરવામાં આવે છે. જો એમ ન હોય તો તેજ આચાર્ય પોતાના બનાવેલા **પ્રવચનસાર** નામના ગ્રંથમાં ચારિત્રચારના અધિકારમાં શુભરાગની પણ મહત્તા કેમ આંકે? તેઓશ્રી ચારિત્રાચારના અધિકારમાં સંયમના મૂલ ગુણોની પ્રતિપાદન કરનારી આઠમી અને નવમી ગાથામાં ફરમાવે છે કે—

**वयसमिदिंदियरोधो, लोचावस्सयमचेलमाहीणं,**
**खिदिसयणमदंतवणं, ठिदिभोयणमेग भत्त च**
**एदेखलु मुलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता**
**तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि.**

**ભાવાર્થ**–પાંચ મહાવ્રત, પાંચ સમીતિ, પાંચ ઇંદ્રિયનો નિરોધ, કેશનો લોચ, છઆવશ્યક, દિગંબર અવસ્થા, (વસ્ત્રવિહિન અવસ્થા) સ્નાન રહિત રહેવું, ભૂમિપર શયન, દાંત સાફ નહિ કરવા તે, ઉભાં ઉભાં ભોજન કરવું અને એકવાર ભોજન કરવું. શ્રમણોના આ ૨૮ મૂલ ગુણો વીતરાગદેવે કહેલા છે. આ ગુણોમાં પ્રમાદી બનનાર મુનિના સંયમનો છેદ કરવો અને પુનઃ તેને સંયમમાં સ્થાપન કરવો.

સમયસારની ટીકા જે **અમૃતચન્દ્રસૂરિજીએ** કરી છે, કે જે ટીકાનું વાંચન કાનજીસ્વામીજી ખૂબ ખૂબ કરે છે. તેજ **અમૃતચન્દ્રસૂરિજી** પ્રવચનસારની ઉપરોક્ત ગાથાઓની ટીકામાં ફરમાવે છે કે, યદ્યપિ આત્મા શુદ્ધ નિર્વિકલ્પ એવા સામાયિકનો અર્થી હોય છતાં એ સામાયિક જ્યાંસુધી ન આવે ત્યાંસુધી ઉપર બતાવેલા સવિકલ્પ સામાયિકના ગુણો બરાબર પાળે. એ ગુણોમાંથી એક પણ ગુણ જો ન પાળે તો તે સાધુપણામાંથી ભ્રષ્ટ થાય છે અને એને પુનઃ ચારિત્રમાં સ્થાપન કરવામાં આવે છે. ઉપરોક્ત ૨૮ ગુણોની આરાધનાની પુષ્ટિમાં ટીકાકાર દૃષ્ટાંતદ્વારાએ સમજાવતાં કહે છે કે, સુવર્ણના અર્થીને જેમ સુવર્ણ ન મળે તો સુવર્ણના પર્યાયરૂપ કુંડલાદિ ગ્રહણ કરે છે. તેમ જીવ પરમ સમાધિરૂપ વીતરાગ ભાવ જ્યાં સુધી પ્રાપ્ત ન કરે ત્યાં સુધી છેદોપસ્થાપન ચારિત્ર ગ્રહણ કરે.

અહિં કુંદકુંદાચાર્ય બાહ્ય ચર્યાઓની મુનિપણામાં કેટલી જરૂરીઆત સમજાવે છે. દંતધાવન કે એક ભક્ત જેવી ક્રિયાઓને દેહની ક્રિયા તરીકે જણાવી અનાચરણીય તરીકે ઓળખાવતા નથી. અહિં આચાર્ય લખવા ધારત તો લખી શકત કે, ભાઇ! આ બધી આશ્રવની ક્રિયા છે, આશ્રવની ક્રિયાને મુનિપણાના ગુણ તરીકે માનનાર મહામિથ્યાદૃષ્ટિ છે. દેહનીક્રિયાને આત્માનીક્રિયા માનવી એના જેવું બીજું ઘોર અજ્ઞાન કયું? પણ આવું કંઈ ન લખતાં ઉપરથી એમ લખ્યું કે, આ ગુણમાંથી એક પણ ગુણમાં જો પ્રમાદ કરે તો તે ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. જો કે આ માન્યતાની સાથે શ્વેતાંબર સંપ્રદાયનો પ્રમાણિક મતભેદ છે. પણ આપણે તો અહિં એ સમજાવવું છે કે, કુંદકુંદાચાર્યના નામે સમયસારની વાતો કરી ધર્મક્રિયાઓનો ઉચ્છેદ કરનારાઓએ આ શ્લોકો ખુબ મનનપૂર્વક વાંચવા જેવા છે. શું કાનજીસ્વામી કે તેમના અનુયાયીઓએ આ શ્લોકો નહિં વાચ્યા હોય? પણ જ્યાં આગ્રહ જ હોય ત્યાં શું થાય! અરે આવા ઘણા શ્લોકો ચારિત્રાચારના અધિકારમાં આચાર્યે લખ્યા છે, જે હવે પછી આપણે સવિસ્તર જોઇશું.

---

# વિચાર નોંધ:

**ચુ. જે. શાહ**

સત્તા અને અધિકાર મળતાં માનવી માનવતા ચુકી જતો હોય તેવો ભાસ ચોમેરથી થાય છે. હોદ્દાપર આવતાં જગતને અધિકારનું ભાન કરાવવા જુલ્મનો દોર ચલાવે છે. ભૂત અને ભવિષ્યકાળ વિચારવાં ભૂલી જાય છે અને ન્યાયની માંગણી કરનાર વ્યક્તિ પોતેજ સત્તાનો દોર ચલાવી અન્યાયી બને છે. એ રીતે કેમ કરી વિકાસ સધાશે? બીજાની પાસે પોતાના દુઃખનું નિવારણ માંગે છે અને પોતે પોતાની ફરજ ચૂકે છે તો સમાજના ગૂંચવાયલા કોયડાનો ઉકેલ કેમ કરી થશે? જગતનું દુઃખ કેમ કરી ટળશે? પણ સમજવું જોઇએ કે જે દુઃખ પોતાને રૂચતું નથી તે દુઃખ બીજા કોઇનેયે ન રૂચે. જો આટલું સમજાય તો જગતપર દુઃખના ઓળા ઉતરતા જરૂર અટકે.

હવે તો જાગવાની જરૂર છે. જાગીને હુકમ ચલાવવાના નથી જાગીને બીજા કોઇને બોધ દેવા જવાનો નથી, પરંતુ પોત પોતાના ઘરના સવાલ કે જવાબ માંગી રહ્યા છે તેનો યોગ્ય પ્રત્યુત્તરવાળી માનવતાના પાઠ શીખવાના છે.

ઘરની એકપણ વ્યક્તિ પોતાના કુટુંબ મેળથી અકળાતી હોય તો તેનું કારણ જાણી જણાવી સરલતાથી તેનો માર્ગ શોધવો. નીતિ અને ન્યાયને માર્ગે એક બીજાના વિચારોને અનુકૂળ બનવા પ્રયત્ન કરવો. ઘણીવેળા સમૂહમાં વ્યક્તિગત રીતે કેટલુંક સહન કરવું પણ પડે તોયે તે દુઃખ કે કષ્ટ ન માનવાં પરંતુ ધર્મ સમજવો.

જ્યાં સુધી માનવી સ્વચ્છંદતા ચાહે છે, જ્યાંસુધી વ્યક્તિ, વ્યક્તિપર સત્તા ચલાવવા મથે છે ત્યાંસુધી સમાજને ફરજનું સાચું ભાન નથી. ફરજનું સાચું ભાન નથી ત્યાંસુધી સાચો માર્ગ કેમ સૂઝશે! અને ઘરઘરના ઘુંચવાયેલા કોકડા કેમ કરી ઉકેલાશે?

જેઓ જીવનને સુધારી શકયા છે તેઓ મૃત્યુને પણ સુધારી શકયા છે.

# મૃત્યુની મૂંઝવણ:

પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦

દુઃખનો ડર અને સુખનો લોભ, એ પાપ છે એમ લાગે છે? એ પાપ ખરાબ છે, એ પાપ એવું ખરાબ છે, કે–જીવનના સઘળા જ સારાપણાને હરી લે છે, એ વાત હૈયે જચે છે ખરી ? જે મનુષ્યજીવનને પામ્યા છીએ, તે ઘણું ઉંચું તો ખરૂં ને ? આપણે મનુષ્યજીવન પામ્યાનો ગર્વ ખરો કે નહિ ? સંસારમાં મનુષ્ય જીવનને પામેલા જીવો થોડા. હરેક કાળમાં મનુષ્ય થોડા. એ થોડામાં આપણો નંબર લાગી ગયો છે. હવે શું કરવું જોઇએ, કે જેથી આપણે પ્રસન્નતાથી મરી શકીએ. મરતી વેળાએ 'હવે મારૂં શું થશે ?'–તેની ચિન્તા કે મુંઝવણ રહે નહિ. એ બને ત્યારે, કે જ્યારે આ જીવનની સફલતાનો હેતુ સમજાય અને સેવાય. આ વસ્તુનો ખ્યાલ આપનારૂં સાધન પણ ભાગ્યશાલિઓને જ મળે છે. નિર્ભાગી આત્માઓને તો સારા–ખોટાનો ખ્યાલ આપનારૂં સાધન પણ મળતું નથી, આજથી તમે દુઃખના ડરને અને સુખના લોભને પાપ માનશો ને ? એ પાપથી છૂટવાને માટેનો પ્રયત્ન કરવાની ઉર્મિઓ પેદા થવી જોઇએ. એ ઉર્મિઓ પેદા થાય અને આત્માને પરમાત્મપદે પહોંચાડવાનો માર્ગ સેવવાને માટે ઉદ્યત બનાય, તો જીવન સુધર્યા વિના રહે નહિ. જીવનને સુધારનારા આત્માઓ મરતાં પણ પ્રસન્નતાનો અનુભવ કરી શકે છે. એ પ્રસન્નતા નફ્ફટપણાની નહિ પણ નિર્ભયપણાની હોય છે. જીવનને એવું બનાવવું જોઇએ કે–મરતાં ડર ન લાગે. ધર્મશીલનું મૃત્યુ એટલે અધિક સારા થવા માટેનું પ્રયાણ. એ વખતે આનંદ અને ઉત્સાહ હોય કે શોક અને હતાશ હોય? ગમે ત્યારે મરણ આવે તોય મુંઝવણ ન થાય, એવું કરવું છે ને? એવું કરવાને માટે દુઃખનો ડર અને સુખનો લોભ જવો જોઇએ; એટલું જ નહિ, પણ જીવનમાં એ ધર્મ આવવો જોઇએ કે–જે ધર્મના પ્રતાપે કોઇને પણ દુઃખી થવામાં કારણ રૂપ બન્યા વિના જ જીવવાનો અભ્યાસ થાય. ધર્મને પામ્યા વિના તમે મરતી વેળાએ નિર્ભયતાના ઘરની પ્રસન્નતા ભોગવી શકો એ શકય જ નથી.

મહારાજા કુમારપાલનું નામ તો તમે સાંભળ્યું હશે. એમને એક વાર શત્રુ તરફથી યોજનાપૂર્વક ઝેર આપવામાં આવ્યું. શરીરમાં ઝેરની અસર વ્યાપવા માંડી, એથી માલૂમ પડી ગયું કે–વિષ પ્રયોગ થયો છે. રાજભંડારમાં વિષનાશક ગુટિકા હતી તે મંગાવવામાં આવી; તો માલૂમ પડયું કે શત્રુનો હાથ ત્યાં પણ ફરી વળ્યો છે અને એ બુટ્ટી પણ ગુમ કરી દેવામાં આવી છે. આ સમાચાર સાંભળતાં શું થાય? કેટલો ગુસ્સો આવે? જે શત્રુએ આ કામ કર્યું હોય, તેનું શું શું કરી નાખવાનું મન થાય ? વિચારવા જેવી વાત છે. શત્રુ ઉપર ગુસ્સો આવે, વહીવટ કરનારાઓ ઉપર ગુસ્સો આવે અને કેમ કરીને જીવી જાઉં એની મુંઝવણ પણ થાય કે નહિ? એ થાય તો મરણ બગડે કે સુધરે ? શત્રુ વિગેરેનું તો ગમે તે થાય, પણ પોતાનું મરણ તો બગડે ને ? દુર્ધ્યાનમાં મરીને દુર્ગતિએ જવાનો જ અવસર આવી લાગે ને? મહારાજા શ્રી કુમારપાલ સમજુ હતા. ધર્મ તેમના હૈયે વસેલો હતો. એ જ એક કારણે તે, વિષપ્રયોગ કરાયાની અને વિષનાશક બુટ્ટી ગુમ

કરી દેવાયાની માહિતી મળતાં પણ, શાન્ત રહી શક્યા. એમને થયું કે–' મારૂં મૃત્યુ આ નિમિત્તે જ થવાનું હશે. ' તરત જ તેમણે આવી પડેલા મૃત્યુના અવસરને ઉજાળવાની કારવાઈ કરવા માંડી. શત્રુને વિસર્યા અને પોતાના આત્માને યાદ કર્યો. આત્માના હિતને માટે દેવ, ગુરૂ અને ધર્મના શરણને યાદ કર્યું. આ ક્યારે બને ? જીવનનો મોહ અને મૃત્યુની ભીતિ હોય તો આ બને ? ધર્મની પ્રાપ્તિ તેમને મોટી ઉંમરે થઈ હતી, પણ ધર્મની પ્રાપ્તિ થયા પછી તેમણે ધર્મની આરાધના કરવામાં બન્યો તેટલો વધારે પોતાની શક્તિ અને સામગ્રીનો વ્યય કર્યો હતો. એમણે મનને પલટાવ્યું હતું માટે જ એ જીવનને સુધારી શક્યા અને એમણે જીવનને સુધાર્યું હતું એટલે મૃત્યુને પણ એ સુધારી શક્યા !

આથી તમે સમજી શકશો કે–મરવાની ભીતિ તેને હોય, કે જેણે પાપમય જીવન ગુજાર્યું હોય. ધર્મમય જીવનને જીવનાર તો એ મરે તોય વાજાં વાગે, કેમકે–એણે જીવનને પણ સુધાર્યું અને મૃત્યુને પણ સુધાર્યું ! તમે મરશો, તે વખતે વાજાં વાગવાનાં કે પછી બૈરાં કુટશે ? જે સુન્દર પ્રકારે જીવ્યા હોય અને સુન્દર પ્રકારના મરણને પામ્યા હોય, તેના કુટુમ્બિઓ પણ જો સમજુ હોય તો ખૂશ થાય કે–આનું મૃત્યુ એ અધિક સારા થવાને માટેનું પ્રયાણ છે. એ સમજવાળા ઉત્સવ ઉજવે કે કુટે ? સ્વાર્થનો ભ્રંશ થવાથી દુઃખ થાય એ ન જ બને એમ નહિ, પણ ઉત્તમના ઉત્તમ મૃત્યુને રોવાય નહિ. જેમ પતિ કમાવાને માટે પરદેશ જતો હોય છે, તો તરતની પરણેલી પણ ખૂશીથી–હોંશથી ચાંલ્લો કરે છે ને ? પરદેશ ગયેલો જીવતો પાછો ફરશે જ, એ નક્કી છે ? અકસ્માત્ આદિ ન જ થાય, એવું ખરૂં ? નહિ, છતાં હોંશથી ચાંલ્લો કરે છે, કેમકે–તેના સારામાં જ મારૂં સારૂં છે એમ એ માને છે. કોઈના પણ સારામાં ખૂશી થનારો આદમી, ધર્માત્માના અધિક સારા થવાના પ્રયાણથી આનન્દ અનુભવવાને બદલે શોક અનુભવે, એ શક્ય જ નથી. એને શોક થાય તો હિતનું સાધન ગયું તેનો થાય, પણ ધર્માત્માના સારા થવાના પ્રયાણ બદલ શોક થાય જ નહિ, ધર્માત્માને પણ મૃત્યુ સમયે એવો સમાધિભાવ હોય, કે જેવો જીવનના સુખી ગણાતા સમયે હોય. મરતીવેળા એ ડૉકટરને ઝંખતો ઝંખતો મરે નહિ. ગમે તેમ કરીને જીવી જવાનાં એ તરફડીયાં મારે નહિ.

તમે તમારા જીવનને એવું બનાવો, કે જેથી નિર્ભયપણે પ્રસન્નતાથી મરી શકાય. કોઇ પણ પળે મૃત્યુ આવે તોય થાય કે–' ભલે આવ્યું. ચિન્તા કરવા જેવું કાંઇ છે જ નહિ. મેં મારા જીવનમાં કોઈનું ભુંડુ કરવાનો પ્રયત્ન કર્યો નથી એમ નહિ, પણ મેં મારા જીવનમાં કોઈનુંય ભૂંડુ ચિન્તવ્યું પણ નથી. કોઈના સુખને મેં લૂંટ્યું તો નથી, પણ બન્યો તેટલો બીજાના દુઃખને ટાળવાનો અને બીજાઓને સુખી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. મારાથી જાણતાં–અજાણતાં જે કાંઇ પાપો થઈ ગયાં છે, તે મેં યોગ્ય સ્થાને જણાવી દીધાં છે અને તેનું પ્રાયશ્ચિત્ત પણ કરી લીધું છે. મારાં સારાં કામો મારી સાથે છે. હવે મારે ડરવા જેવું શું છે ?' વાત પણ સાચી છે કે–ધર્મશીલ આત્માને મૃત્યુનો ભય શો ? પોલીસ ઉભી હોય તેમાં શાહુકારને ભય શો ? જે સારા જીવનને જીવ્યો ન હોય અને જેણે પાપમય જીવન ગુજાર્યું હોય,

# જ્ઞાન ગોચરી

આ વિભાગમાં જે સાહિત્ય રજૂ કરવામાં આવે છે તે તે પ્રકાશનોના પ્રકાશકોનો અને લેખકોનો સહૃદયતાપૂર્વક આભાર માનીએ છીએ. સં.

## અહિંસા સમ્બંધિ ગાંધીજીના વિચારો:
### [ અખબારી બિરાદરી : પ્રજાબન્ધુ ]

હરીજન બંધુમાં ગાંધીજી વાંદરાંના ઉપદ્રવ વિષે લખે છે,

"મારી અહિંસા એ મારી જ છે. જીવદયાનો સાધારણપણે જે અર્થ કરવામાં આવે છે તે મને માન્ય નથી. જે જીવજંતુ માણસને ખાઇ જાય અથવા નુકસાન પહોંચાડે તેને બચાવવાની દયાવૃત્તિ મારામાં નથી. તેની વૃદ્ધિમાં ભાગ લેવો તેને હું પાપ સમજું છું. તેથી કીડી, વાંદરાં કે કુતરાંને ખવડાવવું નહિં એ પ્રાણીઓને બચાવવા સારૂ હું કોઈ માણસને નહિં મારૂં આમ વિચાર કરતાં કરતાં હું એવા નિર્ણય પર આવ્યો છું કે, જ્યાં વાંદરાઓ ઉપદ્રવરૂપ હોય ત્યાં તેમને મારવાથી હિંસા થતી દેખાય તોયે તે ક્ષમ્ય ગણાય એટલું જ નહિં, એવી હિંસા એ ધર્મ બને છે. એવો સવાલ ઉઠી શકે કે, માણસને સારૂ પણ આજ નિયમ લાગુ કેમ ન કરાય? જવાબ એકે તે લાગુ નથી થતો કેમકે, તે આપણા જેવો છે. તેને ઇશ્વરે બુદ્ધિ આપી છે અને મનુષ્યેતર પ્રાણીમાં એ નથી."

જે તાર્કિક અસંગતિ ઉપરની દલિલમાં દેખાય છે, તેથી અહિંસામાં નહિં માનનારાઓને તો હસવું જ આવશે. પણ ચુસ્ત અહિંસાવાદીઓ પણ મુંઝાય તો નવાઇ નહિં. આ જગતમાં હિંસાખોર મનોદશાવાળા મનુષ્યો અસ્તિત્વ ધરાવે છે. સ્વાર્થવૃત્તિને કારણે તેમના વ્યવહારમાં પણ વારંવાર હિંસા ઉતરી આવે છે. તેમ છતાં હજીસુધી હિંસાને ખાતર હિંસાનો સિદ્ધાન્ત રચાયો નથી. સિદ્ધાંત અહિંસાનો જ હોઈ શકે અથવા તો હિંસાની મર્યાદાનો હોઈ શકે. ગાંધીજીના અહિંસા શસ્ત્રના વિરોધીઓને ગાંધીજી સાથે જે તકરાર છે તે એ છે કે, તેઓ અહિંસાને એટલે બધે આઘે તાણી જાય છે કે જીવવું દોહ્યલું થઇ પડે પરંતુ ઉપરનાં લખાણથી પ્રતિત થઇ રહે છે કે ગાંધીજીની અહિંસા પણ મર્યાદિત પ્રકારની જ છે. મર્યાદિત હિંસા અને મર્યાદિત અહિંસા તે તત્ત્વતઃ એકજ છે, જો કે એમાં પ્રમાણભેદને અવકાશ રહે ખરો. અહિંસાનો સિદ્ધાંત સ્વીકારવાને લીધે હિંસા મર્યાદિત થઈ હોય અને આપણી સ્વભાવગત મર્યાદાઓને લીધે અનિવાર્ય બનતી હિંસાને કારણે અહિંસા મર્યાદિત થઇ હોય એટલો પૂર્વ સ્વીકાર આમાં કરવો રહેશે.

હવે જો હકિકત આજ હોય તો તકરારને કારણ નથી, પણ ગાંધીજી પોતાની અહિંસાનું જે વૈસિષ્ઠ

---

તેને ડરવાનું હોય. સુન્દર જીવનને જીવનારાને મૃત્યુથી ડરવાનું હોય નહિ. એ તો સમજે કે—મૃત્યુ કોઇને પણ છોડવાનું નથી. જે જન્મ્યા તેનું મૃત્યુ નિયમા થવાનું. મૃત્યુ થવાનું જ છે, તો પછી એ ભલેને ગમે ત્યારે ચાલ્યું આવે! આપણે છાતી ઠોકીને એમ કહી શકીએ કે—'મૃત્યુને જ્યારે આવવું હોય ત્યારે તે ખુશીથી આવે! મૃત્યુને આજે જ આવવું હોય તો ભલે ને તે આજે ને આજે જ આવે! કેમ કે જીવન એવું જીવ્યા છીએ કે—મર્યા પછી વધારે સારૂં સ્થાન મળશે.' એ નથી બોલાતું, કેમકે—જીવનમાં આવવા જોગો ધર્મ આવ્યો નથી.

સૂચવે છે તે સમજ્યા જેવું છે. એમની અહિંસા માનવસમાજની પાર જવાની ના પાડતી. ઉપયોગીતાવાદમાંથી સ્ફૂરી રહેતી જે અહિંસા છે જે વસ્તુતઃ મર્યાદિત હિંસા જ છે. ભૂતદયાની શુદ્ધ આધ્યાત્મીક દૃષ્ટિએ વિચારતાં એની ન્યુનતા સમજાઈ રહે છે. અમુક પ્રાણીમાં બુદ્ધિ નથી અને તે આપણા જેવું નથી. એ કારણે આપણને તેની હિંસા કરવાનો અધિકાર મળી જતો નથી. એનામાં આપણા જેવી જીવવાની ઇચ્છા રહેલી છે એજ ત્યાં તો હિંસાને નિસીદ્ધ ઠેરવે છે. ગાંધીજીની વિચારસરણીમાં જે દોષ રહેલો છે તે આ છે કે, વાંદરા મારવાની હિંસાને તે અહિંસામાં ખપાવવાનું કરે છે અને એ ક્ષમ્ય જ નહિં ધર્મ્ય કહે છે. વિશ્વ નિયમ પોતે જ સમજે છે અને પોતા દ્વારા જ વિશ્વહેતુ મૂર્ત થઈ શકે તેમ છે એમ માની લેવાના માનવસુલભ આડંબરનું આ એક દ્રષ્ટાંત નથી તો બીજું શું છે. એ તો ગાંધીજી સમજાવે ત્યારે જ ખબર પડે.

## સીનેમાના શોખથી સર્વનાશ

### [ હિંદી કલ્યાણ ]

તમને સીનેમાનો ઘણો શોખ છે, તમોએ લખ્યું કે, હું કલાની દૃષ્ટિએ મારા બાળકોને સીનેમાના ક્ષેત્રમાં પ્રવેશ કરાવવા ઇચ્છું છું, તો ભાઈ સાહેબ! તમારી ઈચ્છા ખરાબ ન હોવા છતાં પણ તમારો વિચાર મારી સમજ પ્રમાણે હાનીકારકજ છે. હમણાં કોઈક તામીલપત્રના સમ્પાદકનો કોઈક " સીનેમા સ્ટાર "ની બાબતમાં ખરાબ વાતો પ્રકાશિત કરવા સંબંધી અપરાધમાં મદ્રાસના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટે દંડ દેતા કહ્યું કેઃ—

" અશ્લીલતાના પ્રચારમાં જ્યારે જ્યારે સીનેમા સંસ્થાની સાથે અપરાધીની તુલના કરાય છે ત્યારે તેનો અપરાધ તેની ( સીનેમાની ) અપેક્ષાએ બહુ સાધારણ જણાય છે". **" સીનેમા વર્તમાન યુગનો એક શાપ છે ".** તેણે ઉચ્ચકુળોની હજારો કુમારીકાઓને નાચ કરવાવાળી વેશ્યા, અને છોકરાઓને ભાંડ બનાવી દીધા છે; તેમજ તેણે લાજ, શરમ તથા સન્માનના ગુણોથી રહિત કરી દીધા છે, સીનેમાની શિક્ષા તથા નીતિ સંબંધી જે કાંઇ મૂલ્ય દેખાડવામાં આવે છે તે ખરીરીતે તેની બીભત્સતા ઢાંકવા માટેજ છે. સીનેમા ચલાવનારાઓને સામાજીક અગર નૈતિક સુધારાની ચીંતા હોતી નથી. તેઓનું લક્ષ્ય તો કેવળ રૂપીયા કમાવાનુંજ હોય છે.

તે સત્ય છે કે કોઈપણ આવી કલાનો સદુપયોગ કરવાથી સમાજને લાભ થઈ શકે છે. જે કામ લેખ અથવા વ્યાખ્યાનોથી થઇ શકતું નથી તે કામ ચિત્રપટોથી થઇ શકે છે. પરંતુ તે ત્યારે થાય છે કે જ્યારે સંચાલકોનું લક્ષ્ય તેવા પ્રકારનું હોય !

આજકાલ જે રીતિએ સીનેમાનો પ્રચાર થઇ રહ્યો છે. તેથી તો અમારા બાલક–બાલિકાઓની મનોવૃત્તિ બગડતી જાય છે, જે ઉચ્ચ કુલની હિંદુકન્યા પોતાનું સ્વરૂપ–સૌંદર્ય દેખાડવામાં મહાપાપ સમજતી હતી, જે માટે કહ્યું છે કે, ' સ્ત્રી પોતાના પતિની પાસે જાય ત્યારે શૃંગાર કરે, બીજી અવસ્થામાં શૃંગાર ન જ કરે, જે સૌંદર્યનું પ્રકાશન તે શીયલનું અપમાન માનતી હતી. તેજ આર્યકન્યાઓના હૃદયમાં પોતાનું સૌંદર્ય દેખાડવાની લાલસા જાગી ઉઠી છે. તેમજ તેઓ સીનેમા સ્ટુડિયો વિગેરેમાં પરપુરૂષોની સાથે મળવા–હળવા તેમજ જુદી જુદી જાતની ચેષ્ટાઓ દેખાડી પોતાનું શીયલ ખોવામાં ગૌરવ માનવા લાગી છે. તે સીનેમાના પ્રચારનુંજ ખરાબ પરિણામ છે. દુઃખતો તે છે કે, તેને કલાના ક્ષેત્રમાં પ્રગતિના નામથી પોકારવામાં આવે છે. આપ પણ એવી પ્રગતિના ભ્રમમાં પડીને એવી બુરી ઇચ્છા કરવા લાગ્યો છો તો ક્ષમા કરશો.

આ બાજુ દેશમાં અન્નની અછત પડી છે, લાખો માણસો ભૂખે મરી રહ્યા છે, ત્યારે આ બાજુ સીનામાઓમાં જઈ જઇને ધનીકો તેમજ ગરીબો પોતાનું બેહદ ધન ગુમાવી રહ્યા છે. તેમજ તેઓ તેના બદલામાં ત્યાંથી શું લાવે છે? કુવિચાર–કુપ્રવૃત્તિ તેમજ કુવાસનાઓ વળી તે ધનનો કેટલો દુરૂપયોગ થાય છે? કેટલો માંસ, ઇંડા, મદિરા તેમજ ફેશનમાં ખર્ચ થાય છે? તેનો હિસાબ જોડવામાં આવે તો હૃદય કાંપવા લાગે છે.

સાથે સાથે ધાર્મિક ભાવોથી સ્ત્રી-પુરૂષોને આકર્ષિત કરવા માટે અમારા દેવી-દેવતાઓને અમારા ભગવાન રામ અને કૃષ્ણને, અમારી જગજ્જનની સીતા અને રાધાને સીનેમામાં લાવવામાં આવે છે, અમારા તે પ્રાતઃસ્મરણીય અને પૂજનીય દેવીયોનો સ્વાંગ ધારણ કરીને જ્યારે સીનેમાની તે કહેવાતી કુમારિકાઓ અશ્લીલ ગાય છે, અર્ધનગ્ન દશામાં પ્રણયચેષ્ટા કરતી દેખાય છે, ત્યારેતો ધર્મિષ્ટ હિંદુનું લોહી ઉકળી જાય છે; પરંતુ અમે તે બધું સહન કરી રહ્યા છીએ, તેમજ અમે શોખથી અમને પોતાને નરકકુંડમાં ધકેલીને સુખનું સ્વપ્ન જોઈ રહ્યા છીએ.

મારી તો આપને જોરથી સલાહ છે કે, આપ સીનેમાનો શોખ છોડી દેશો, તેમજ તમારા બાલક-બાલીકાઓને તે નિન્દિત ક્ષેત્રમાં પ્રવેશ કરાવવાની કલ્પનાને પાપ સમજીને છોડી દેશો, આપની જેવા બીજા પિતાઓને પણ મારૂં આ નમ્ર નિવેદન છે.

કડવા શબ્દો લખાયા છે તો કૃપા કરીને ક્ષમા કરશો. મારો હેતુ સારો છે શબ્દ ભલે કડવા હોય. કડવી દવા પીધા વિના જોરનો તાવ અટકતો પણ નથી.

**બુરા લાગે હિતના વચન હૃદયે વિચારો આપ;**
**કડવી દવા પીધા વીના, મટે ન તનનો તાપ!**

અનુવાદક : **શ્રી કપુરચંદભાઇ ર.**

## સ્ત્રીઓ શું પ્રગતિના પંથે છે?

**[ સમાજનો હિતચિંતક : પ્રવાસી ]**

આજે તો આપણે જ્યાં જઇએ ત્યાં સાંભળીએ છીએ કે “ભાઈ! આજકાલ તે સ્ત્રીઓના રાજ. વળી કોઇ કહેશે કે “જો જો તો ખરા દિવસ એવા આવશે કે પુરૂષ રાંધશે ને બૈરાં કમાશે.” વગેરે વગેરે.

હવે શું ભાઇ! આ બધું ખરૂં લાગે છે! ના.

આજની સ્ત્રી પર પાશ્ચાત્ય દેશોના સંસ્કારોની છાપ સંપૂર્ણ પડી ચૂકી છે જેને લીધે આજે સ્ત્રીઓ પ્રગતિશીલ કહેવાય છે. પરંતુ પ્રગતિમાં સ્ત્રીઓએ જેટલા પગલાં આગળ ભર્યાં છે તેટલાં જ ભવિષ્યની દૃષ્ટિએ પગલાં પાછળ ભર્યાં છે.

### આજની પ્રગતિ કેવી છે!

વળી અત્યારના સામાજિક વ્હેણો જુઓ...

ક્યાં છે આપણી આર્ય સ્ત્રી પ્રત્યેની ઉચ્ચ ભાવના...! સ્ત્રીઓના ઉચ્ચ આદર્શ જ પળેપળે અદૃશ્ય થઇ રહ્યા છે...સ્નેહલગ્નો વધી પડયાં છે તો પવિત્ર લગ્નજીવનની ભાવના ઘટતી જાય છે. સિવિલ-મેરેજ વધી પડયાં છે તે સાથે ‘છુટાછેડા’ નો કાયદો પણ તેટલી જ જલદ રીતે લાગુ પડી ચૂકયો છે. પરિણામે જીંદગીના મધ્યભાગમાં સ્ત્રીઓ ધણી વિનાના ઢોર જેવી બની રહી ઠેરઠેર નોકરી માટે ભટકે છે. ક્યાં છે એ જમાનો? કે જ્યારે ખાનદાન કુટુંબની બહેન દીકરીઓ ઘરને આંગણે પણ જવા નહોતી મળતી...! આજ તો સમાજમાં જેમ “ભમરા” વધી પડયા છે તેમ તેની આકર્ષતી શૃંગારસજ્જ સુંદરીઓ પણ વધી પડી છે. જે સમાજમાં સ્ત્રીઓને પુરૂષનો એક સ્પર્શમાત્ર અલભ્ય વસ્તુ ગણાતી હતી ત્યાં આજ હાથોહાથ વગર લેવેદેવે તાળીઓ અપાઈ રહી છે. હાલતાં ચાલતાં સ્ત્રીપુરૂષો અથડાઈ રહ્યાં છે અને પરિણામે સ્ત્રીઓની માનસિક અને શારીરિક અધોગતિ થઈ રહી છે.

સન્નારીઓ! આ જ છેને આપની પ્રગતિ!

વળી અત્યારના ગરબા અને જલસા જુઓ... ક્યાં છે ગરવી ગુજરાતણનો રમઝટ રાસ! ક્યાં છે કોકીલ કંઠની ગાજતી ઘેરી મીઠાસ? ક્યાં છે! ઠેસના પડતા પડછંદ પડઘા...! આજકાલ તો નૃત્ય કલાજ ગરબામાં પરિણમી છે ત્યાં પૂછવું જ શું? ગવાતા ગરબાનો ગૂઢાર્થ ભલે આપણે ન સમજીએ બ્હેનોનો ભલે આશાપુરી અને ભૈરવીમાં સંતાકુકડી રમે પરંતુ તેઓનો અભિનય અને વેશ ભુષા પ્રમાણસર હોવાં જોઇએ. ગરબા, ગરબા નથી રહ્યા...કહ્યું છે કે “દુનિયા ઝુકતી હય...ઝુકાને વાલે ચાહીએ” તેવી રીતે પ્રેક્ષકવર્ગ તાળીઓના ગડગડાટ સાથે બહેનોને નૃત્ય કરવા પ્રેરે છે. પ્રભુની ભોળીભાળી કલકૃતિ... બાળાઓ...સાન ભાન ભૂલી પોતાની લાજમર્યાદાને ઠોકરે મારી દુનિયા નચાવે છે તેમ નખરાં પર આવી નાચે છે.

## વાહ રે ! પ્રગતિ !

અરે ! અત્યારની શેરીમાં રમતી બાળાઓજ જુઓને ! તેઓને જો કદી તમે ગાતા સાંભળો તો

"મેટ્રીક ભણેલી હું તો
એમે. એ. માં પાસ થયેલી
રંગુનથી રસોઇયા બોલાવો
મારાથી કામ થાય ના"

ભલા આ ગાયનો જ બતાવે છે કે, ભાવિ સ્ત્રીઓ કેવી હશે ! આગળની સ્ત્રીઓના કામ જુઓ. તેમનો શારીરિક બાંધો જુઓ ! કયાં છે આજની સ્ત્રીઓમાં ? આજકાલ ખોરાક જ કૃત્રિમ બન્યા છે તો પછી શારીરિક શકિતમાં અને કામમાં અશક્તિ કેમ ના આવે ?

વળી આ શહેરની સ્ત્રીઓના રંગના ઝટકા ગામડામાં પણ ઉડયા છે. થોડાક દિવસ પર તમેજ સાંભળ્યું હશે કે એક ગામડીયણ ભરવાડણ પણ—

"માણવી સે રે રે માણવી સે
મારે મુંબઇની મોઝું માણવી સે

એમ લલકારે છે.

હવે જો બધીજ ભરવાડણો તેની ગરવી ગાવડીના મીઠાં દૂધડાં ને ગોરસ છોડી મુંબઇની મોઝું માણવા નીકળી પડશે તો શું થશે ?

આ બધું દુઃખનું મૂળ કયાં છે તે તો પ્રભુ જાણે પરંતુ એટલું તો ખરૂં કે આજની સ્ત્રીઓ "ગાડરિયો પ્રવાહ" જેમ થઇ ગઇ છે. આને તમે કહો છો પ્રગતિ ! ધન્ય ! એ પ્રગતિ !

## આશાતનાથી બચો !

### શેઠ નરોત્તમદાસ કેવળભાઈ શાહ મુંબઈ

૧ શ્રી ગીરિરાજ ઉપર રામપોળના દરવાજા પાસે દહીં, દુધનો બજાર ભરાય છે. યાત્રાએ આવી કર્મબંધ છોડવાનું અને પુન્ય ઉપાર્જન કરવાનું ભૂલી જઇ યાત્રાળુ ભાઇબહેનો તેનો છુટથી ઉપયોગ કરે છે. તે ખેદની વાત છે. **'તીરથની આશાતના નવી કરીયે'** એ પૂજાની ઢાળમાં જણાવેલું છે કે, "આશાતના કરતા થકા ધન હાણી, ભૂખ્યા ન મળે અન્ન પાણી" એ યાદ રાખી દહીં–દુધ બીલકુલ ન વાપરવા વીનંતી છે.

૨ ભિક્ષુકો વધારે પૈસા મળવાની લાલચે ગીરિરાજના અરધા રસ્તા સુધી ચડે છે. આપણે ઊઘાડા પગે અને આશાતનાની બીકે થૂંકતા પણ નથી જ્યારે સદરહુ વ્યકતીઓ ઘોર આશાતના કરે છે. અનુકંપા બુદ્ધિથી શક્તિ ગોપવ્યા વગર પુષ્કળ દાન દેવું પણ તે નીચે ને તલાટી આસપાસ દેવાથી પોતાની મેળેજ ઉપર ચડવાનું બંધ થશે અને આશાતના અટકશે.

૩ જાત્રાના લોભે અંધારામાં જીવજંતુ પણ ન દેખાય તેમજ નવકારશીનો ટાઇમ પણ ન થયો હોય તે પહેલાં આ દુધ વાપરી જે ચડે છે તે સિદ્ધાંતથી વિરૂદ્ધ છે. તેથી બચવા ઉપયોગ રાખવો જરૂરી છે.

ઉપરની દરેક બાબતો માટે પાલીતાણામાં બિરાજતા આચાર્યો તથા સાધુ સાધ્વીઓએ જોરશોરથી ઉપદેશ દેવાની જરૂર છે એજ વીનંતી,

## એ અડપલાં બંધ કરો !

### [ ૧૪ : ૪ : ૪૬ સંદેશ દૈનિક ]

અમે નિર્માતાઓને સૂચવીએ છીએ કે, તેમણે હિંદના મહાપુરુષોના અને અવતારોના જીવનને પડદે મૂકવાના અભખરાથી દૂર રહેવું જોઇએ એટલા માટે કે, આ મહાપુરુષોને સમજવા માટેનું તેમનું જ્ઞાન પરિમિત છે. એમના કામોને આપણે માત્ર દુન્યવી દૃષ્ટિથી જોઇએ છીએ અને સંભવ છે કે, આપણે ઇચ્છતા ન હોઈએ તો પણ તેમને જાણ્યે–અજાણ્યે અન્યાય કરી બેસીએ એટલે ભગવાન બુદ્ધ, શ્રી મહાવીર, શ્રી સ્વામીનારાયણ કે પયગમ્બર સાહેબના જીવનને રૂપેરી આકાર આપવાનું આપણે હંમેશને માટે માંડી વાળવું જોઇએ. ભગવાન કૃષ્ણના જીવન અને કાર્યો સાથે તમામ કોમના નિર્માતાઓએ ઠીક–ઠીક અડપલાં કરી લીધાં છે. પણ હવે એવાં 'અડપલાં' સહી લેવાને આજનો જાગતો પ્રેક્ષક વર્ગ હરગીજ તૈયાર નથી. એટલે સમય, શ્રમ અને સમ્પત્તિની બરબાદી મહાપુરુષોના કે અવતારોના ચિત્રો ઉતારી પ્રેક્ષકોની ઇતરાજી વ્હોરી લેવા કરતાં, નિર્માતાઓ સારા સામાજિક ચિત્રો કે ઐતિહાસિક ચિત્રો તરફ નજર દોડાવશે તો વધુ ઠીક ગણાશે.

# દેહ મમત્વના ત્યાગી એવા એક મુનિપુંગવની આત્મકથા:

## પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી મ.

દ્વારિકા નગરીના ત્રણ ખંડના માલીક કૃષ્ણવાસુદેવ રાજ્ય કરે છે. તે પરમાત્મા શ્રી નેમિનાથ સ્વામીના પરમભક્ત છે. તેમની ઢંઢણા નામે રાણીની કુક્ષિથી જન્મેલ કુમાર ઢંઢણકુમાર, બાલ્યવય વીતાવી યુવાવસ્થાને પામ્યા. કુળવાન, રૂપવાન, પ્રેમાળ, સુકુમાળ એવી એક હજાર કન્યાના સ્વામી બન્યા. લક્ષ્મી અને દુન્યવી સુખનો પાર નથી.

એકદા શ્રી નેમિનાથસ્વામીનું પધારવું થયું. કૃષ્ણ મહારાજા પરિવાર સહિત વિધિપૂર્વક વંદન કરવા ગયા. ઢંઢણકુમાર પણ ગયા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ, પાંચ અભિગમને સાચવી વંદન કર્યું. સહુ યોગ્ય સ્થાનકે દેશના સાંભળવા બેઠા. જગતતારક જિનદેવે આધિ, વ્યાધિ, ઉપાધિના તાપને હરનારી એવી દેશનાનો વરસાદ વરસાવ્યો. એ મેઘધારા યોગ્ય આત્માઓએ ઝીલી એના શ્રવણથી પોતાના આત્માને ધન્ય માન્યો, જીવતર સફળ કર્યું.

ઢંઢણકુમારને એ દેશનાની અસર અનુપમ થઈ. સંસાર દુઃખદાયી લાગ્યો, સ્ત્રીઓ દુર્ગતિની આપનાર લાગી. માતા પિતા પુત્રાદિ પરિવારનો પ્રેમ બંધનરૂપ જણાયો, ધન અનર્થનું મૂળ સમજાયું, વર્તમાનના થોડા કાળનાં સુખો ભવિષ્યમાં અનંત દુઃખોને આપનારાં લાગ્યાં, વૈરાગ્ય વ્હાલો લાગ્યો. સંસાર કારાગાર સમાન, બળતા ઘર સમાન, સ્મશાન સમાન, ભયંકર રાક્ષસ સમાન, ભયકારી કતલખાના સમાન લાગ્યો, ચારિત્રચિંતામણી રત્નથી વધારે કિંમતી જણાયું.

માતા પિતાનો સ્નેહ, હજાર પત્નીઓનો મોહ, વિધવિધ જાતિના ભોગો, રાજ્યસુખ, પારાવાર લક્ષ્મી વગેરેનો ત્યાગ કરી પરમાત્માને ચરણે ઝુકાવ્યું રાજકુમાર મટી ઋષિ બન્યા. ચારિત્ર લઈ સિંહની માફક પાળે છે,

પ્રભુ સાથે વિહાર કરતાં એકવાર દ્વારિકા નગરીએ આવે છે. હંમેશાં ગોચરીએ જાય છે, પણ શુદ્ધ આહાર મળતો નથી. દોષિત આહાર પોતે લેતા નથી. આહાર વિના ચલાવી લે છે. પણ રોષ કરતા નથી. "મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપવૃદ્ધિ" આવી ઉજ્વળ ભાવના ભાવતાં આત્મદશાને વિચારે છે, ન મળવાથી નિર્જરા વધે છે. એમ જાણી લગારે દીન બનતા નથી, હંમેશાં ગોચરીયે જાય છે, પણ અન્નપાણી શુદ્ધ મળતાં નથી. એક વખત પ્રભુને ચરણે નમીને પૂછે છે,

"હે સ્વામિન ! એવું શું કારણ છે કે, મને નિર્દોષ આહાર–પાણી મળતા નથી ?" ભગવાન કહે છે કે, "પૂર્વ ભવમાં જે તીવ્રરસે અંતરાય બાંધ્યો છે તેનો ઉદય અત્યારે આવ્યો. છે પૂર્વભવમાં ધનના લોભથી જે ક્રૂર કર્મ કર્યું છે તેનો વિપાક અત્યારે આવ્યો છે.

પહેલાના ભવમાં તમે રાજાના અધિકારી હતા તે વખતે પાંચસેં હળને ખેડાવવાનું કામ તમને સોંપાયું હતું. રાજાનું કામ પૂરું થયા પછી માણસો, બળદ વગેરે ભોજન માટે છુટા કરવાનો વખત આવ્યો તે વખતે લોભથી એક એક ચાસ દરેક હળવાળા પાસે પોતાનાં ક્ષેત્ર ખેડાવી. તેટલો વખત ભોજનનો તમે અંતરાય કર્યો છે, તે કર્મના ઉદયથી તમોને અત્યારે શુદ્ધ ગોચરીનો લાભ થતો નથી."

આ સાંભળીને મુનિવરે અભિગ્રહ લીધો કે, **આ કર્મક્ષય થયા પછીજ આહાર લઈશ.**

ધીરજ વિના કાર્ય સિદ્ધિ થાય નહિ. ઉત્તમ જીવોના આવા સુંદર અભિગ્રહો આત્માર્થી જીવોને અજબ પ્રેરણા આપે છે. આવા જીવોની ધીરજ સાથે પોતાની અધીરતા અને લાલસાને વિચારતાં પશ્ચાત્તાપ થાય તેમ છે. શરીર તો સહુને વ્હાલું હોય છે, પણ શરીર કરતાં આત્મા વ્હાલો બનશે ત્યારેજ કામ થઈ શકે. શરીરની સંભાળ માટે આત્માને ભૂલી જવાનું હમેશાં બનતું આવ્યું જ છે. જ્યારે ત્યારે એજ નજર નાખી છે કે, મને આ થયું, આજ બરાબર મળ્યું નહિ, બરાબર ફાવ્યું નહિ એ બૂમરાણ તો રહ્યા જ કરે છે. આવું, ચિંતવન આત્માનું થતું હોય તો કશું બાકી રહેજ નહિ. વિનાશક શરીરના મોહની ખાતર આત્માને ભૂલવાથી દીનતા આવી વિલાસ વધ્યા, સુખસગવડની શોધ પાછળ ભમવાનું થયું. પરમાત્માનું સાધુપણું મળવા છતાં ગોચરીના દોષો આદિનો વિચાર ન જ કર્યો. છતી શકિતએ ભકિત કરાવવાની જ ભાવના આવી. આ બધું બન્યે જ જાય, એની ફીકર જ ન હોય, હૃદયમાં આઘાત પણ ન હોય અને પરમાત્માનું શાસન અને ભગવાનનો વેશ લ્હેર કરવા માટે મળ્યો છે એમ મનાય તો સુંદર વેશ પણ શુ લાભ આપે? શ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે—

"કોઈ કહે અમે લિંગે તરશું,
જૈન લિંગ છે વારૂ;
તે મિથ્યા નવિગુણ વિણ તરીયે,
ભુજ વિણ ન તરે તારૂ."

શ્રી વીરવિજયજી મહારાજ પણ કહે છે કે—

"લિંગ અનંતા ધરીયાં કામ ન સરીયાં રે, હોળીનો રાજા ગુણ વિણ સંયમી" જો વેશની કિંમત સમજાણી હોય તો એકજ વિચાર કરવો કે, અનંતભવ ભમતાં આ ચારિત્રરત્ન મારા હાથમાં આવ્યું છે તે ખાવાપીવામાં કે માનપાનમાં હારી જઈશ, તો જીંદગી રદ થઈ જશે. રાંકની પેઠે રઝળી મરીશ, અને ભવ-અટવીમાં અટવાવું પડશે? કર્મસત્તા સાધુના વેશમાત્રથી છોડી નહિ દે. દુનિયા તારો વેશ જોઈને ભક્તિ કરે છે, વણમાગી અનેક મોંઘી ચીજો ભકતજનો તારી આગળ હાજર કરે છે, પોતાના નાના બાળકોને આપતાં વાર લગાડે એવી ચીજો હોંશથી તને ધરે છે, એ બધું આ વેશના પ્રતાપે, પણ જો પરમાત્માના એ વેશને બેવફા નિવડીશ તો તારા શા હાલ થશે? આ વિચારણાપૂર્વક બાવીસ પરિસહ અને બાર ભાવના સંભારવામાં આવે, ચરણસિત્તરી અને કરણસિત્તરી પાળવા ઉપર લક્ષ્ય રાખવામાં આવે. પોતાના નાના પણ દોષોને બારીકાઈથી વિચારાય, બીજાના ગુણોની અનુમોદના થાય તો તો જૈનપણું, સાધુવેશ મળ્યાનું સુંદર ફળ મળ્યું કહેવાય. આવા મહાત્માઓના જીવન પ્રસંગો પોતાની પામરતા ખસેડવા, સહનશીલતા વધારવા, દીનતા ટાળવા અને આત્મ-આનંદમાં ઝીલવા માટે હંમેશાં વિચારવા લાયક છે.

ઢંઢણઋષિ આ પ્રમાણે પ્રતિજ્ઞા લઈને નિરંતર ગોચરીએ ફરે છે, પણ કાંઈ મળતું નથી. આનું શુ કારણ? દ્વારીકામાં કોઈ દાની નહિ હોય? શું આખી નગરીમાં લોભીયા જ વસતા હશે? શું મુનિને વહોરાવનાર વસ્તીનો ટોટો પડી ગયો હશે કે લોકોના ભાવ ખસી ગયા હશે?

ઉપર જણાવેલા કારણોમાંનું એક પણ કારણ ન હતું, પણ હતો પોતાને લાભાંતરાયનો ઉદય; એજ કારણ હતું. દુનિયાના જીવો પોત-પોતાના કર્મના ઉદયથી સુખ, દુઃખ

ભોગવે છે. બીજા જીવો તો એમાં નિમિત્ત માત્ર બને છે. પત્થરાને બચકાં ભરવાનું કામ કુતરાનું પણ સિંહ તો બાણ ફેંકનારને પકડે છે, તેમ અશુભના ઉદયે કાંઈ થાય એમાં વચમાં સજીવ કે નિર્જીવ કોઇ આવે તેને દોષ દેવો એ કામ સાચા સમજુનું ન હોય આવા વખતે ઢંઢણ ઋષિને દ્વારીકા નગરીના મનુષ્યો ઉપર રોષ થતો નથી અને પોતાને નથી મળતું એની દીનતા કે આર્તધ્યાન આવતાં નથી. પૂજામાં ગવાય છે કે,

ઢુંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે,
પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે.

આવું બીજું દ્રષ્ટાંત.

આદીશ્વર સાહિબ રે, સંયમ ભાવ ધરે,
વરસીતપ પારણું રે, શ્રેયાંસ રાય ધરે.

જગતમાં વસ્તુનો તોટો ન હોવા છતાં; આપનારનો ભાવ પૂર્ણ હોવાં છતાં આપવાની વિધિ નહિ જાણવાના કારણે પરમાત્મા શ્રી ઋષભદેવજી જેવાને પણ વરસ સુધી આહાર પાણી વિના ફરવું પડયું આમાં પણ અંતરાયનો જ ઉદય, આ સિવાય કશું કારણ નહિ જ કહી શકાય.

આવા અવસરે આત્મા તરફ નજર રાખનારની દશા કેવી હોય ?

લાભ અલાભે સુખ દુઃખજી, જીવિત મરણ સમાન;
શત્રુ મિત્ર સમ ભાવતોજી, માન અને અપમાન.

શ્રી ઢંઢણ ઋષીશ્વરની પણ એજ સ્થિતિ હતી. એમની દ્રષ્ટિ દેહ કરતાં આત્માને લાગેલા કર્મને ખસેડવા તરફ વધુ હતી. તેથી ક્ષુધાની પીડા અને દેહની દુર્બળતા એમને ખટકતી નહોતી આ પ્રમાણે છ છ મહિના વીતી ગયા. પણ મુનિરાજ તો સમતા ભાવમાં જ રહે છે.

શ્રી કૃષ્ણ વાસુદેવ પરમાત્મા શ્રીનેમિનાથ સ્વામીને એક વખત પૂછે છે કે, "પ્રભો! આપના અઢાર હજાર સાધુ એમાં ઉત્કૃષ્ટ ચારિત્રવાળા કયા સાધુ ?" ભગવાન્ કહે છે કે, "સહુથી અધિક ઢંઢણ ઋષિ છે,"

કૃષ્ણ વાસુદેવ બહુ આનંદ પામે છે. ગામમાં જતા શેરીના નાકે ઢંઢણ અણગાર મળ્યો, ભાવપૂર્વક વંદન કર્યું. કોઇ ઘરવાળાએ જોયું, જેને રાજા પણ બજાર વચ્ચે ભાવથી વંદન કરે તે મુનિ બહુજ ઉચ્ચકોટિના હોવા જોઇએ. એમ વિચારી પોતાને ત્યાં પધારવા આગ્રહ કર્યો અને મોદક વહોરાવ્યા. મોદક શુદ્ધ જાણીને મુનિએ ગ્રહણ કર્યા આહાર તો મળ્યો, પણ પોતાની પ્રતિજ્ઞાનું શું ? જ્યાંસુધી તે લાભાંતરાયનું કર્મ ખપે નહિ ત્યાંસુધી આહાર કેમ લેવાય ? આ શું સમજાવે છે ? કેટલી ધીરતા હશે ? કર્મ ખપ્યું કે નહિ એ અનંતજ્ઞાની વિના કોણ જાણી શકે ? ભગવાનને પૂછવા જાય છે કે, "પ્રભુ ! મારૂં તે કર્મ નષ્ટ પામ્યું ? આ પિંડ મારી લબ્ધિએ મને મળ્યો કે નહિ ?" પરમતારક પ્રભુ શું કહે ? પોતાનો સહુથી શુદ્ધ ચારિત્રપાત્ર છ છ મહિને આજે આહાર પામે છે, એની જરાપણ દયા ખરી કે નહી ? ભલે બિચારો વાપરે એને શાંતિ થશે. આવી કહેવાતી દયા એ ભાવદયાના સાગર પ્રભુમાં કેમ સંભવે ? જેઓ વાસ્તવિક દયાના સ્વરૂપથી અજ્ઞાત છે તેઓજ દ્રવ્ય દયાના બ્હાને ભાવદયાને જતી કરે. પણ જેઓ લોકાલોકના ભાવને હાથમાં રહેલા નિર્મળ પાણીની જેમ જોઈ રહ્યા છે, તેઓ આવા અવસરે ખોટી દયા નજ ખાય. ભગવાન ઉત્તર આપે છે, "મહાનુભાવ ! આ પિંડ તમારી લબ્ધિથી નથી મલ્યો, પણ કૃષ્ણ નરેસરની લબ્ધિથી મલ્યો છે". આ

સાંભળી મુનિવર આનંદ પામ્યા. પ્રભુના પરમ ઉપકારીપણાને સંભારતાં એમનું હૈયું આનંદથી ઉભરાયું. વિચાર કરે છે કે, ધન્ય છે પ્રભુને! બલિહારી પ્રભુના જ્ઞાનની. આવા સંશય સર્વજ્ઞ વિના કોણ છેદે? આવા ઉપકારી બીજા કોણ મળે? પ્રભુની મારા ઉપર કેટલી કૃપા? આવા અવસરે એ જગત્વત્સલ વિના સત્ય કોણ સમજાવે? ખરેખર હું પરમ પુન્યવંતો છું કે, આવા નાથનો સંયોગ મને થયો છે. આ પ્રમાણે વિચારની ધારા ચાલે છે. આવા અવસરે એ પુદ્ગલાનંદી જીવડાની કયી દશા હોય? એમને તો એમજ લાગે કે ભગવાને અવસર ઓળખ્યો નહિ. મારા શરીરની આ દશા અને ભૂખની આટલી પીડા. માંડ માંડ છ મહિને આટલું મળ્યું એમાં પણ ભગવાન સીધીરીતે આજ્ઞા આપતા નથી. મને છ છ મહિનાના કડાકાવાળાને આટલું વાપરવા દીધું હોત તો એમનું શું બગડી જવાનું હતું? આવા આવા અનેક વિચારો બીજા જીવોને આવે પણ આતો આત્મદર્શી. આવા અસાર આહારને માટે પ્રતિજ્ઞાને જતી કરે? પરમ પ્રભુપર ખોટો ભાવ લાવે? એ બની જ ન શકે.

પ્રભુની વાણી સાંભળી મુનિ હર્ષમાં આવી જાય છે. પ્રભુએ મારા ઉપર પૂરેપુરી કૃપા કરી. આવું કોણ બતાવે? સાધ્ય અધુરૂં હોય અને આહાર કેમ લઉં? આ પૌદ્ગલિક વસ્તુઓ જડ છે, અસ્થિર છે, જગતની એંઠ છે કારણ કે સર્વે જીવે અનંતી અનંતીવાર એને ગ્રહણ કરી ભોગવીને મૂકેલ છે. એના ઉપભોગમાં સુવિચારક મુનિ કેમ રાચે? પોતાનું સાધ્ય સધાતું હોય તો સાધનનો સાધકનો વ્યવહાર, પણ વસ્તુનો ભોગવટો એ મુ[...] શરીર, આહાર, વસ્ત્ર, પાત્ર ધર્મરૂપી સાધ્યનાં સાધક [...] એનો ઉપયોગ વ્યાજબી [...] બદલે બાધક બનતાં હોય. [...] વધારવા માટે એનો ઉપયો[...] તો એ સાધન ન જ કહેવાય [...] વાનું મારૂં કાર્ય પત્યાવિના [...] લેવાય?

આમ વિચારી નિર્દોષ [...] પરઠવવા જાય છે. ઈંટના નિભ[...] ચૂરવા માંડે છે. હાથથી લા[...] છે. અંતરમાં ભાવની વૃ[...] પુદ્ગલસંગની નિંદા, સ્વગુણ[...] જાય છે. ધર્મધ્યાનના પા[...] છે. શુકલધ્યાનના પાયે એ [...] ક્ષપકશ્રેણિનું મંડાણ થાય છે [...] સતાવતા ભાવશત્રુઓ ભ[...] મારકણો મોહરાજા મુંઝાય [...] સાથીઓ સહિત એ નાશી [...] યુદ્ધમાં આત્માનો વિજય થ[...] અને કેવળદર્શન પ્રાપ્ત થાય [...] પ્રકાશક બને છે. સમવસરણ[...] મુનિવર કેવલીપણે પૃથ્વી ઉ[...] કોના ઉપકારી બની, આયુ[...] મુક્તિધામમાં પધાર્યા. અનં[...] બન્યા. કોટિશઃ વંદન હો! મુનિપુંગવોને!

---

જરૂર છે એક જૈન બન્ધુને બે હજાર ધીરી શકે એવા એક ગૃહ[...]
લખો : નંબર ૧૦૦૮ કલ્યાણ પાલીતાણા [ કાઠીઆ[...]

ભોગવે છે. બીજા
માત્ર બને છે. પત્થ
કુતરાનું પણ સિંહ
તેમ અશુભના ઉદ્દ
સજીવ કે નિર્જીવ
એ કામ સાચા સ
ઢંઢણ ઋષિને દ્વાર
રોષ થતો નથી
એની દીનતા કે
પૂજામાં ગવાય છે

ઢુંઢણ અણગારો
પશુઆં અંતરાયે

આવું બીજું

આદીશ્વર સાહિ
વરસીતપ પારણુ

જગતમાં વસ
આપનારનો ભાવ
વિધિ નહિ જાણવ
ઋષભદેવજી જેવા
પાણી વિના ફરવું
રાયનો જ ઉદય,
જ કહી શકાય.

આવા અવસ
નારની દશા કેવી

લાભ અલાભે સુખ
શત્રુ મિત્ર સમ ભા

શ્રી ઢંઢણ
હતી. એમની દ્રષ્ટિ
કર્મને ખસેડવા
પીડા અને દેહની
નહોતી આ પ્રમા
પણ મુનિરાજ તે


## બાળકોને વંચાવો!

| | | | |
|---|---|---|---|
| ધન્નાશાલિભદ્ર | .... | .... | ૦-૩-૦ |
| દેવપાલ | .... | .... | ૦-૩-૦ |
| વીરરણસીંહ | .... | .... | ૦-૩-૦ |
| સવા-સોમા | .... | .... | ૦-૪-૦ |
| સુસીમા | .... | .... | ૦-૩-૦ |
| કુબેરદત્તા | .... | .... | ૦-૨-૦ |
| પ્રાર્થના | .... | .... | ૦-૪-૦ |
| વેરાયેલાં ફુલો | .... | .... | ૦-૪-૦ |
| રત્નાકરપચ્ચીસી | .... | .... | ૦-૩-૦ |
| પવિત્રતાના પંથે | .... | .... | ૦-૩-૦ |
| વિનાશનાં વમળ | .... | .... | ૦-૨-૦ |
| પિયુષપ્રવાહ | .... | .... | ૦-૩-૦ |
| પુણ્યનો સીતારો | .... | .... | ૦-૩-૦ |
| ઋષભદેવસ્વામી | .... | .... | ૦-૨-૦ |
| નેમનાથનો શ્લોકો | .... | .... | ૦-૨-૦ |

પંદર પુસ્તકોનો આખો સેટ લેનારને રૂ. અઢીમાં પોસ્ટેજ ૦-૪-૦ અલગ. પાઠશાળા અને લાઇબ્રેરીનાં પુસ્તકો માટે લીષ્ટ મંગાવો.

**સોમચંદ ડી. શાહ**

જીવનનિવાસ સામે **પાલીતાણા**



: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા

શ્રી બહાદુરસિંહજી પ્રિં પ્રેસ—પાલીતાણા.